કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
માંડવી તાલુકાના સિરવા, મેરાઉ, ગોધરા, મોટા લાયજા, ભીરસરા, બાડા, જનકપર, બાયઠ, પદમપર, કાઠરા, દુર્ગાપુર, રાયણ, કોડાય, ડોણ, રતાડીયા, તલવાણા, નાની ખાખર, મસ્કા, ગુંદીયાળી, બિદડા, વાડા, ભાડાઈ, ફરાદી, પુનડી, જખણીયા, આસંબીયા, પીપરી,ભાડીયા, તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલિ અભિનંદન, જાહેર ખબરમાં સંપર્ક કરો
અમરભાઈ વાઢા : 98790 14187
કલ્યાણ કોમ્પલેક્ષ, એસ.ટી. રોડ, માંડવી-કચ્છ.



ગાંધીધામ (પૂર્વ કચ્છ) ભૂજ (પશ્ચિમ કચ્છ)થી પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક તથા ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક કિંમત રૂા. ૨.૦૦/-
Website : www.kutchuday.com
E-mail : kutchuday@gmail.com
તા.૨૯ જૂન, ૨૦૨૪ શનિવાર
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
# કચ્છ ઉદય
૩૧ વર્ષોથી અણનમ રહેતું કચ્છનું એક માત્ર અડિખમ સાંધ્ય દૈનિક



કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
મુંદરા તાલુકાના ભદ્રેશ્વર, લુણી, વડાલા, ગુંદાલા, બારોઈ, નાના કપાયા, ભુજપુર, સમાઘોઘા, મોટા કપાયા, ફાચરીયા, પ્રાગપર, દેશલપર (કંઠી), વાંઢ, ધ્રબ તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલિ અભિનંદન, જાહેર ખબરમાં સંપર્ક કરો
-: મુકેશભાઈ ગોર :-
90990 79342, 98790 41665
૫ મૈત્રી કોમ્પલેક્ષ, તાલુકા પંચાયત રોડ, મુંદરા-કચ્છ.



◆અંક નંબર : ૦૩૬◆વર્ષ : ૩૧ ◆પાના - ૮ ◆ મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ◆Regd No. G-KCH - 184-2019-2021 ◆RNI No. 54972/94◆ સંવત ૨૦૮૦ ◆ જેઠ વદ-૮◆ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ◆ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ◆ ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭


# નીટ પેપર લીકકાંડ : ગુજરાતમાં CBIના દરોડા

## ગુજરાતના ૪ જિલ્લામાં ૭ સ્થળોએ સીબીઆઈના દરોડા




ગાંધીનગર : દેશભરમાં મેડીકલ પ્રવેશ માટેની મહત્વપૂર્ણ પરીક્ષા નીટના પેપર લીક થયાના ખુલાસા બાદ સીબીઆઈ હરકતમાં આવેલી છે અને તેની તપાસનો ધમધમાટ તેજ બનાવેલો છે. અનુસંધાન પાના નં.૪ પર

## નીટ મુદ્દે કોંગ્રેસના સરકાર પર પ્રહાર



ગાંધીનગર : દેશભરમાં વર્તમાન સમયે નીટ પરીક્ષાના પેપેરો લીક થવાના મુદ્દાની તપાસ તથા તેને લઈ અને કેન્દ્ર સરકાર પર પણ વિપક્ષ દ્વારા ચાબખાઓવરસાવાઈ રહ્યા છે. સંસદથી લઈ અને સડક સુધી આ વિષય ઉજળી રહ્યો છે ત્યારે આજ રોજ ગુજરાત કોંગ્રેસના અધ્યક્ષ શકિતસીહ ગોહીલ દ્વારા પણ પ્રેસ યોજી અને નીટ પેપર લીંક કેસમાં સરકાર પર પ્રહાર કર્યા છે. શકિતસીંહ દ્વારા પ્રેસમાં કઈ રીતે આ કૌભાંડને અંજામ અપાયુ છે અને વિદ્યાર્થી પાસેથી ૧૦ લાખ રૂપીયા એડવાન્સ લઈ અને આ પ્રકરણને અંજામ અપાયુ હોવાનો ઘટનાક્રમનો ચિત્તાર રજુ કરી અને જે કોઈ પણ દોષિતો હોય તેઓની સામે કડક હાથે વિના વીલંબે કામ લેવા માટેની માંગ કરી હતી.

## NTAએ શુક્રવારે રાત્રે UGC-NET પરીક્ષાની તારીખ કરી જાહેર

### ઓગસ્ટ-સપ્ટેમ્બરમાં લેવાશે પરીક્ષા

ગાંધીનગર : પરીક્ષાઓના સંચાલનમાં કથિત અનિયમિતતા અંગેના વિવાદો વચ્ચે, NTA એ શુક્રવારે રાત્રે UGC-NET સહિત રદ કરાયેલ અને મુલતવી રાખવામાં આવેલી પરીક્ષાઓની નવી તારીખોની જાહેરાત કરી હતી. NTAએ કહ્યું કે UGC-NET હવે ૨૧ ઓગસ્ટથી ૪ સપ્ટેમ્બર દરમિયાન હાથ ધરવામાં આવશે. આ પરીક્ષા ૧૮ જૂને લેવામાં આવી હતી. જો કે, એક દિવસ પછી તે રદ કરવામાં આવ્યું હતું. અનુ. પાના નં.૪ પર

## સીએમની ઉપસ્થિતીમાં વિવિધ કંપનીઓ સાથે સરકારના એમઓયુ થયા




### વિકસિત ગુજરાત થકી વિકસિત ભારતના નિર્માણ માટે ગુજરાત કટિબદ્ધઃ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ

ગાંધીનગરઃ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં પરફોર્મ રીફોર્મ અને ટ્રાન્સફોર્મ ના મંત્ર સાથે ભારત વિશ્વની ઝડપી આગળ વધતી ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બન્યું છે. એમ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનાવવા ફ્યુચરિસ્ટિક ટેકનોલોજી પર ભાર મૂક્યો છે એમ જણાવીને રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિકસિત ભારતના નિર્માણ નો કોલ આપ્યો છે તેને સાકાર કરવા અનુસંધાન પાના નં.૪ પર

## લદાખમાં મોટી દુર્ઘટના : પાંચ જવાન શહીદ

### ટેન્કના સંયુક્ત અભ્યાસ દરમ્યાન નદીમાં પાણીનું સ્તર વધી જતા સર્જાઈ દુર્ઘટના

(એજન્સી દ્વારા) નવી દીલ્હી : લદાખથી એક મોટા સમાચાર સામે આવ્યા છે. લદ્દાખના દૌલત બેગ ઓલ્ડી વિસ્તારમાં સૈન્ય અભ્યાસ દરમિયાન મોટી દુર્ઘટના સર્જાઈ હતી. આ અકસ્માતમાં પાંચ જવાનો શહીદ થયા છે. સેનાના અધિકારીઓએ જણાવ્યું કે આ દુર્ઘટના સવારે ૩ વાગે LAC નજીક નદી પાર કરતી વખતે બની હતી. અધિકારીઓએ જણાવ્યું કે નદી પાર કરતી વખતે પાણીનું સ્તર અચાનક વધી જવાને કારણે આ અકસ્માત થયો હતો.

સમાચાર એજન્સી પીટીઆઈના જણાવ્યા અનુસાર અધિકારીઓએ જણાવ્યું છે કે લદ્દાખમાં એલએસી પાસે અચાનક આવેલા પૂરમાં સેનાના પાંચ જવાનો ફસાયાં હતાં. મળેલી માહિતી અનુસંધાન પાના નં.૪ પર

## વિશાખાપટ્ટનમ આઈએસઆઈ જાસુસી કેસ : એનઆઈએના ગુજરાત-મહારાષ્ટ્રમાં ધામા : સર્ચ ઓપરેશનનો ધમધમાટ

નવી દિલ્હી. નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી એ શુક્રવારે ગુજરાત અને મહારાષ્ટ્રમાં ત્રણ સ્થળોએ દરોડા પાડ્યા હતા જ્યારે સંરક્ષણ માહિતી લીક કરવા સંબંધિત ૨૦૨૧ વિશાખાપટ્ટનમ પાકિસ્તાની ISI જાસૂસી કેસમાં સંડોવાયેલા શકમંદો સામે કાર્યવાહી કરી હતી. ભારતીય સંરક્ષણ સંસ્થાઓની જાસૂસી માટે પાકિસ્તાન પાસેથી ભંડોળ મેળવતા હોવાની શંકા ધરાવતા લોકોના સ્થળની તપાસ કરવામાં આવી હતી. આ દરમિયાન મોબાઈલ ફોન અને દસ્તાવેજો સહિત અનેક વાંધાજનક સામગ્રી જપ્ત કરવામાં આવી હતી. ગયા વર્ષે જૂનમાં NIA દ્વારા નોંધાયેલા કેસના સંદર્ભમાં આ શોધ હાથ ધરવામાં આવી છે. એજન્સીએ ગયા વર્ષે ચાર્જશીટ દાખલ કરી હતી એજન્સી દ્વારા જુલાઈ ૨૦૨૩માં ફરાર પાકિસ્તાની નાગરિક સહિત બે આરોપીઓ સામે ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. ત્યારબાદ, એક પાકિસ્તાની નાગરિક સહિત અન્ય ત્રણ વિરુદ્ધ વધુ અનુસંધાન પાના નં.૪ પર

## શું મણિપુરના CM બિરેન સિંહ રાજીનામું આપશે? અચાનક દિલ્હી પહોંચી ગયા

નવી દીલ્હી : મણિપુરમાં હજુ પણ દરરોજ હિંસાના અહેવાલો આવી રહ્યા છે. દરમિયાન, એવી અટકળો છે કે મણિપુરમાં નેતૃત્વ પરિવર્તન થઈ શકે છે. એન બિરેન સિંહ સરકારના ધારાસભ્યો દિલ્હી પહોંચ્યા બાદ આવી અટકળો વધુ તેજ બની છે. જોકે, સીએમ બિરેન સિંહે આવી અટકળોને માત્ર અફવા ગણાવીને ફગાવી દીધી છે. તેમણે કહ્યું કે કેટલાક લોકો પોતાના અંગત સ્વાર્થને કારણે આવી અફવાઓ ફેલાવી રહ્યા છે.જોકે, તેમણે સ્વીકાર્યું કે તેમના કેટલાક ધારાસભ્યો દિલ્હી પહોંચી ગયા છે. તેમનો દાવો છે કે તેઓ મણિપુરમાં જાતિય હિંસાનો ઉકેલ શોધવા માટે ભાજપના કેન્દ્રીય નેતૃત્વના નેતાઓને મળવા ગયા છે.થોડા દિવસો પહેલા એવા અહેવાલો આવ્યા હતા કે મણિપુર સરકારના સહયોગી નાગા પીપલ્સ ફ્રન્ટ, નેશનલ પીપલ્સ પાર્ટી અને જેડીયુ મુખ્યમંત્રી પર રાજીનામું આપવા દબાણ કરી રહ્યા છે. એનડીટીવીએ અનુસંધાન પાના નં.૪ પર

## ગુજરાત સરકારની વધુ એક મોટી જાહેરાત : ટેટ-સીટેટ ઉમેદવારો માટે ખુશખબર : ૧૮૫૨ની કરાશે ભરતી

નવી દિલ્હી :રાજ્યમાં ૧૮૫૨ શિક્ષકોની અન્ય માધ્યમમાં ભરતીની મંજૂરી મળી છે. શિક્ષણ વિભાગે અન્ય માધ્યમની ભરતીને મંજૂરી આપી છે.રાજ્યમાં ૧૮૫૨ શિક્ષકોની અન્ય માધ્યમમાં ભરતીની મંજૂરી મળી છે. શિક્ષણ વિભાગે અન્ય માધ્યમની ભરતીને મંજૂરી આપી છે. શિક્ષણ વિભાગે અન્ય માધ્યમની ખાલી જગ્યાઓની માહિતી મંગાવી હતી. મરાઠી,ઉર્દુ સહિતના માધ્યમના શિક્ષકોની કરવામાં આવશે. TET અને CTET પાસ ઉમેદવારોની ભરતી કરવામાં આવશે.

## મુંબઈ-નાગપુર હાઈવે પર મધરાતે ભયાનક અકસ્માત : ૭ના કરૂણ મોત

### ઈંધણ ભરાવી રોંગ સાઇડથી સમૃદ્ધિ એક્સપ્રેસ વેમાં ઘૂસી કાર

મુંબઈ : સમૃદ્ધિ એક્સપ્રેસ વે પર એક દર્દનાક અકસ્માતની ઘટના સામે આવી છે. મુંબઈથી લગભગ ૪૦૦ કિમી દૂર જાલના જિલ્લામાં સમૃદ્ધિ એક્સપ્રેસ વે પર કડવાંચી ગામ નજીક ગઈકાલે રાત્રે મુંબઈ-નાગપુર એક્સપ્રેસ વે અથવા સમૃદ્ધિ એક્સપ્રેસ વે પર બે કાર વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. આ દુર્ઘટનામાં પ્રાથમિક વિગતો મુજબ ૭ લોકોના મોત થયા છે અને પાંચ ઘાયલ થયા છે. અકસ્માતની જાણ આસપાસના ગામોના લોકો સુધી પહોંચતા જ ચારેબાજુ અફરા-તફરીનો માહોલ સર્જાયો હતો. આ અકસ્માત રાત્રે લગભગ ૧૧ વાગે થયો જ્યારે એક સ્વિફ્ટ ડિઝાયર કાર ઈંધણ ભર્યા બાદ ખોટી દિશામાંથી હાઈવે પર ઘૂસી ગઈ અને નાગપુરથી મુંબઈ જઈ રહેલી અર્ટિગા સાથે અથડાઈ હતી. આ તરફ ટક્કર એટલી જોરદાર હતી કે



એર્ટીગા કાર હવામાં ઉછળીને હાઈવે પરના બેરિકેડ પર પડી હતી જ્યારે મુસાફરો કારમાંથી કૂદીને રોડ પર પડી ગયા હતા. બીજી કાર કચરાના ઢગલાની જેમ બીજી તરફ પડી હતી. અકસ્માત બાદ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને ૭ લોકોના મૃતદેહ હાઈવે પર લોહીથી લથપથ જોવા મળ્યા હતા. અકસ્માતની માહિતી મળતા જ સમૃદ્ધિ હાઈવે પોલીસ અને જાલના પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. કારને હટાવવા માટે ક્રેન બોલાવવામાં આવી હતી. ઘાયલોને સારવાર માટે જિલ્લા હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા છે.

## કેન્દ્ર સરકારે અમદાવાદ શહેર પોલીસ કમિશનર જી.એસ. મલિકને કેન્દ્રમાં ડીજી રેન્કમાં એમપેનલ કર્યા





### અમદાવાદ સીપી કેન્દ્રમાં ડીજીપી લેવલે વડોદરા સીપી એડી ડીજી લેવલે શ્રી કોમાર એમ્પેનેલ્ડ થયા : ગુજરાત કેડરના સનદી અધિકારી જયંતિ એસ રવિને કેન્દ્રમાં સેક્રેટરી રેન્કમાં એમપેનલ કરાયા

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર : સુત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ કેન્દ્ર સરકારે જુદા જુદા રાજ્યોના ૧૧ જેટલા આઈપીએસ અધિકારીઓને કેન્દ્રમાં ડીજી રેન્કમાં એમપેનલ કર્યા છે. જેમાં ગુજરાતના ૧૯૯૩ની બેચના અમદાવાદ પોલીસ કમિશનર તરીકે ફરજ બજાવતા જી.એસ. મલિકને કેન્દ્રમાં ડીજી રેન્કમાં એમપેનલ કરવામાં આવ્યા છે. જ્યારે કેન્દ્ર સરકારે ૬ રાજ્યના સાત સનદી અધિકારીઓને સેક્રેટરી રેન્કમાં એમપેનલ કર્યા છે જેમાં ગુજરાત કેડરના સનદી અધિકારી જયંતી એસ રવિ ને કેન્દ્રમાં સેક્રેટરી રેન્કમાં એમપેનલ કરવામાં આવ્યા છે.

અમદાવાદ સીપી કેન્દ્રમાં ડીજીપી લેવલે શ્રી મલ્લિક અને વડોદરા સીપી એડી ડીજી લેવલે શ્રી કોમાર એમ્પેનેલ્ડ થયા. કેન્દ્ર દ્વારા ૩૬ ડિગ્રી તરીકે ઓળખાતી કસોટી પાર કરી પસંદગી પામતા વિશાળ શુભેચ્છક વર્ગમાં હર્ષની લાગણી. જ્ઞાનેન્દ્રસિહ મલ્લિક (અમદાવાદ પોલીસ કમિશનર) ગુજરાત ફ્રન્ટીયરનાં બીએસએફ વડા, સીઆઈએસએફ વડા જેવા મહત્વના સ્થાન સાંભળી ચૂક્યા છે . જ્યારે વડોદરા પોલીસ કમિશનર નરસિંહમાં કોમાંર સીબીઆઈ માં ફરજ બજાવી ચૂક્યા છે. બન્ને ખૂબ સ્વચ્છ પ્રતિભા ધરાવતા સિનિયર આઈપીએસ છે.

## નેપાળના ત્રણ આંતરરાષ્ટ્રીય એરપોર્ટનું સંચાલન અદાણીને અપાય તેવી શક્યતા




નવી દીલ્હી : નેપાળ ચીનના ચોતરફા ભરડાથી કંટાળી ગયું છે. આથી જ ડ્રેગન દ્વારા બનાવવામાં આવેલ એરપોર્ટ ભારતને સોંપવા માટેની હિલચાલ શરુ કરી છે. જે માટે અદાણીની કંપની સાથે ગુપ્ત વાતચીત ચાલી રહી છે. આ વર્ષની શરૂઆતમાં અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણી નેપાળના નાણામંત્રીને મળ્યા હતા. આ દરમિયાન તેમણે નેપાળના એરપોર્ટ અને એનર્જી સેક્ટરમાં રોકાણ કરવા માટે રસ દર્શાવ્યો હતો.

હવે માહિતી સામે આવી છે કે નેપાળના અધિકારીઓ અને અદાણી એન્ટરપ્રાઈઝ વચ્ચે વાતચીત ચાલી રહી છે.જો કે હજુ અદાણી ગ્રુપ તરફથી આ બાબતે સંમતી અપાઈ નથી.

જો બધું સમુસુતરું પાર પડ્યું તો આગામી સમયમાં ભારતીય કંપની નેપાળના ત્રણ આંતરરાષ્ટ્રીય એરપોર્ટનું સંચાલન મેળવી શકે છે. નેપાળના અધિકારીઓ એરપોર્ટના સંચાલન માટે ભારતીય અબજોપતિ ગૌતમ અદાણીની કંપની અદાણી અનુસંધાન પાના નં.૪ પર

### તિકડમ !
– દેવેન વ્યાસ




## સુનિતા વિલિયમ્સને પરત લાવવાની હાલ કોઈ ઉતાવળ નથી : નાસા



નવી દીલ્હી : અમેરિકાનું એક અવકાશ મિશન જે થોડા દિવસો ચાલવાનું હતું તેને ત્રણ અઠવાડિયાથી વધુ સમય લાગ્યો છે. નાસાના અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ અવકાશમાં ગયા છે , જે સ્પેસક્રાફ્ટ કેપ્સ્યુલમાં સર્જાયેલી ખામીને કારણે પરત ફરી શક્યા નથી ત્યારે નાસાએ જાહેરાત કરી હતી કે તે ફસાયા નથી. પરંતુ મિશનને ૯૦ દિવસ લંબાવી શકાય તેમ છે.નાસાની ભારતીય-અમેરિકન અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ અવકાશમાં ફસાયેલી છે.તે તેના પાર્ટનર બુચ વિલ્મોર સાથે બોઈંગ સ્ટારલાઈનર મારફતે ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન ગઈ હતી. પરંતુ હવે તે ત્યાં જ અટવાઈ ગઈ છે. બોઈંગ કેપ્સ્યુલમાં ખરાબીના કારણે આ બન્યું હતું. નાસાએ હવે કહ્યું છે કે તેના બંને અવકાશયાત્રીઓ લાંબા સમય સુધી અવકાશમાં રહેશે. કારણ કે એન્જિનિયર્સ બોઈંગ કેપ્સ્યૂલમાં ઊભી થતી સમસ્યાઓનું નિવારણ કરવામાં વ્યસ્ત છે.

## દક્ષિણ ગુજરાતના ૧૭ તાલુકામાં ૨ ઇંચ થી ૪ ઇંચ વરસાદ

### છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૧૫૨ તાલુકામાં વરસાદ વરસ્યો : નવસારી અને પલસાણામાં ૪ ઇંચ કરતાં વધુ વરસાદ

ગાંધીનગરઃ રાજ્યમાં દક્ષિણ ગુજરાત તેમજ સૌરાષ્ટ્રના કેટલાક તાલુકાઓમાં મેઘરાજાએ બઘડાટી બોલાવી હતી. સુરત જિલ્લાના પલસાણા તાલુકામાં ૨૪ કલાકમાં ૪ ઈંચ જેટલો ધોધમાર વરસાદ વરસતા શહેરના અનેક વિસ્તારોમાં પાણી ભરાયા હતા.રાજ્યમાં છેલ્લા બે ત્રણ દિવસથી સૌરાષ્ટ્ર દક્ષિણ ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં મેઘરાજાએ એન્ટ્રી કરતા સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના મોટાભાગના જિલ્લામાં ચોમાસુ જામ્યું છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૫૨ તાલુકામાં વરસાદ વરસ્યો હતો. જેમાં સુરત જિલ્લાના પલસાણા માં અને નવસારી તાલુકામાં ૪ ઈંચ કરતાં વધુ વરસાદ આ બંને તાલુકામાં પડતા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. રાજ્યના ૩૮ તાલુકાઓ એવા છે કે જ્યાં છેલ્લા ૨૪ કલાકમાં ૧ ઈંચ થી લઈને ૩ ઈંચ જેટલો ભારે વરસાદ પડ્યો હતો. જ્યારે ૧૦૦થી વધુ તાલુકા એવા છે જ્યાં સામાન્ય વરસાદ પડ્યો હતો. રાજ્યના હજુ ઘણા તાલુકાઓ એવા છે કે જ્યાં વરસાદ પડ્યો નથી.

જ્યારે કેટલાક તાલુકાઓ એવા છે કે જ્યાં સાવ સામાન્ય વરસાદે પડ્યો છે. રાજ્યના કેટલાક જિલ્લાઓ માં આગામી બે ત્રણ દિવસ દરમિયાન મધ્યમથી ભારે વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.

## દિલ્હીના નોઈડામાં દિવાલ ધરાશાયી : ૩ના મોત



નવી દીલ્હી : ઉત્તર પ્રદેશના ગ્રેટર નોઈડાથી એક દુઃખદ અકસ્માતના સમાચાર સામે આવી રહ્યા છે. ભારે વરસાદના કારણે એક નિર્માણાધીન મકાનની દિવાલ વરસાદ બાદ ધરાશાયી થઈ હતી. તેની નીચે આઠ બાળકો દટાયા હતા. જેમાં ત્રણ બાળકોના મોત થયા હતા. બાકીના બાળકો હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

પોલીસે માહિતી આપી છે કે ગ્રેટર નોઈડામાં એક નિર્માણાધીન ઈમારતની દિવાલ ધરાશાયી થઈ છે. દિવાલ ધરાશાયી થયા બાદ તમામને તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.

અનુસંધાન પાના નં.૪ પર

# ગુજરાતમાં ૨૯ જૂનથી સાતમી જુલાઈ સુધી પોલીસકર્મીઓની રજાઓ રદ કરાઈ

ગાંધીનગર: આગામી સાતમી જૂનના રોજ રાજ્યમાં ઠેર ઠેર ભગવાન જગન્નાથજીની રથયાત્રા નીકળવાની છે. ભગવાન ભક્તોને દર્શન આપવા નગરચર્ચાએ નીકળશે. ત્યારે સુરક્ષા બંદોબસ્ત માટે પોલીસે તૈયારીઓ શરૂ કરી દીધી છે. દરવખતની જેમ આ વખતે પણ પોલીસે ટેકનોલોજીથી સર્વેલન્સ કરવાનું શરૂ કર્યું છે. આ રથયાત્રાને લઈ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જોખમાય નહીં તે માટે આજથી સાત તારીખ સુધી તમામ પોલીસ કર્મીઓની રજાઓ રદ કરી નાંખવામાં આવી છે.પ્રાપ્ત વિગતો પ્રમાણે અમદાવાદ સહિતના શહેરોમાં ભગવાન જગન્નાથની રથયાત્રા નીકળવાની છે.

અમદાવાદમાં આ વખતે ૧૪૭મી રથયાત્રા નીકળશે. ત્યારે સુરક્ષાના ભાગ રૂપે પોલીસનો ભારે બંદોબસ્ત ગોઠવવાની તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. રાજ્યમાં રથયાત્રામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જોખમાય નહીં અને શાંતિ પૂર્વક ભગવાનની યાત્રા પૂર્ણ થાય તે માટે પોલીસનો ચાંપતો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. રાજ્યના પોલીસવડા વિકાસ સહાયે એક યાદીમાં જણાવ્યું છે કે, રથયાત્રાને લઈને ૨૯ જૂનથી ૭ જુલાઈ સુધી પોલીસ કર્મીઓને બંદોબસ્તમાં મુકવાના હોવાથી તમામની રજાઓ પર પ્રતિબંધ મુકવામાં આવે છે. તે ઉપરાંત પોલીસ અધિકારીઓ રજા માંગે અને રજાનું કારણ યોગ્ય હોય તો જ તેમની રજા મંજૂર કરવાનો આદેશ કર્યો છે.શહેરમાં યોજાનારી ભગવાન જગન્નાથજીની ૧૪૭મી રથયાત્રાની પોલીસ વિભાગ દ્વારા તમામ પ્રકારની સુરક્ષા માટેની કામગીરી કરવામાં આવી રહી છે.

તાજેતરમાં જમાલપુર સ્થિત જગન્નાથ મંદિરથી સમગ્ર રથયાત્રાના રૂટ પર સેક્ટર એકના એડિશનલ સીપી નિરજ બડગુજરે અધિકારીઓ અને પોલીસકર્મીઓ સાથે ફૂટ પેટ્રોલિંગ કર્યું હતું. શહેરમાં સાતમી જુલાઈના રોજ યાત્રા નીકળવાની છે. ભગવાન જગન્નાથજીની રથયાત્રા દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ બને નહીં તે માટે એક મહિના પહેલાથી અમદાવાદ પોલીસ દ્વારા સમગ્ર રૂટ પર પેટ્રોલિંગ કરાઈ રહ્યું છે. રથયાત્રાને માટે એક્શન પ્લાન પણ તૈયાર કરાયો છે. જેમાં ક્રાઈમ બ્રાન્ચ દ્વારા આ વર્ષે એઆઈ ટેક્નિકલોજીથી સજ્જ ૩૬૦ ડિગ્રીવાળા એક કિલોમીટરથી વધુની રેન્જ સુધી સ્પષ્ટ જોઈ શકાય તેવા કેમેરા રથયાત્રા રૂટ પર સૌથી ચાર સેન્સેટિવ પોઈન્ટ પર લગાવવા માટેની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે.

# રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી તરીકે હારીત શુક્લાની નિમણૂંક



(પ્રતિનિધિ દ્વારા) ગાંધીનગર: રાજ્યના પ્રવાસન અને પવિત્ર યાત્રાધામ વિભાગના અગ્ર સચિવ તરીકે ફરજ બજાવતા હારિત શુક્લાની બદલી કરીને તેમને રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી તરીકે નિમણૂંક આપતા હુકમો રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવ્યા છે

## નહીં ઝૂકે ભારત! જ્યારે PM મોદીએ G૨૦માંથી બહાર નીકળવાની આપી ચેતવણી, અમિતાભ કાંતે ખોલ્યા રાજ

નવીદિલ્હી : ભારતના G-૨૦ શેરપા અમિતાભ કાંતે તેમના પુસ્તક 'પાવર વિધીનઃ ધ લીડરશિપ લેગસી ઓફ નરેન્દ્ર મોદી'ના વિમોચન દરમિયાન મોટો ખુલાસો કર્યો છે. નીતિ આયોગના પૂર્વ સીઈઓએ વડાપ્રધાન મોદી સાથે જોડાયેલી ઘણી અંગત વાતો યાદ કરી. તેમણે કહ્યું,"ભારતમાં ૨૦૨૩ G-૨૦ સમિટ દરમિયાન અમે રશિયા-યુક્રેન યુદ્ધનો સામનો કરી રહ્યા હતા. ૩૦૦ કલાકની વાટાઘાટો થઈ અને તેમાં ૧૬ ડ્રાફ્ટ સામેલ થયા.વડાપ્રધાનને દર બે કલાકે અહેવાલો મળતા હતા. તેમણે કહ્યું કે,ભારતે તણાવપૂર્ણ સંબંધોને કારણે છેલ્લી ઘડીએ પણ અમેરિકા અને ચીનની માંગને સંતુલિત કરી.અમિતાભ કાંતે ખુલાસો કર્યો, વડાપ્રધાન સવારે લગભગ આઠ વાગ્યે ભારત મંડપમમાં આવ્યા હતા. હું સભાની કાર્યવાહીનું વર્ણન કરતો હતો. તેમણે મને અટકાવ્યો અને સંયુક્ત ઘોષણા વિશે પૂછ્યું. મેં તેને બધી માહિતી આપી. વડાપ્રધાન સ્પષ્ટ હતા. તેઓ સર્વસંમતિ ઈચ્છતા હતા. અન્યથા ભારત તે જ દિવસે G ૨૦માંથી બહાર થઈ ગયું હોત. તેમણે એ પણ ધ્યાન દોર્યું કે, સંયુક્ત જાહેરાતના બે કલાક પહેલા કેટલીક અડચણો આવી હતી.

## કર્ણાટકની રાજનીતિમાં ઉથલપાથલની સ્થિતિ, સિદ્ધારમૈયા અને ડી.કે શિવકુમાર વચ્ચેનો સંઘર્ષ કોંગ્રેસ માટે બનશે પડકાર

નવીદિલ્હી :કર્ણાટકની રાજનીતિમાં ફરી એકવાર ઉથલપાથલની સ્થિતિ જોવા મળી રહી છે. વિધાનસભા ચૂંટણીથી જ મુખ્યમંત્રી સિદ્ધારમૈયા અને ડેપ્યુટી સીએમ ડીકે શિવકુમાર વચ્ચે સંઘર્ષ ચાલી રહ્યો છે. તેનું કારણ એ છે કે ડીકે શિવકુમારની નજર ફરી એકવાર મુખ્યમંત્રી સિદ્ધારમૈયાના પદ પર છે. બીજી તરફ ડીકે શિવકુમારને પડકારવા માટે સિદ્ધારમૈયા પણ પાર્ટીમાં તેમના માટે મુશ્કેલી ઉભી કરતા જોવા મળી રહ્યા છે, જેના કારણે કર્ણાટક ફરી એકવાર કોંગ્રેસ હાઈકમાન્ડ માટે નવો પડકાર બની શકે છે.વાસ્તવમાં, વોક્કાલિગા સમુદાયના વિશ્વ વોક્કાલિગા મહાસ્થાનમના વડા સ્વામી ચંદ્રશેખરે સિદ્ધારમૈયાને સીએમની ખુરશી ડીકે શિવકુમારને આપવાની સલાહ આપી છે. શિવકુમાર અને સિદ્ધારમૈયા બંને મંચ પર હાજર હતા ત્યારે કેમ્પા ગૌડા જયંતિની ઉજવણીમાં તેમણે આ નિવેદન આપ્યું હતું. બીજી તરફ સ્વામી નિર્મલાનંદે પણ ડીકે શિવકુમારને સીએમ બનાવવાની વાત કરી છે.તમને જણાવી દઈએ કે કર્ણાટકના ડેપ્યુટી સીએમ ડીકે શિવકુમાર વોક્કાલિગા સમુદાયમાંથી આવે છે અને વિધાનસભા ચૂંટણી દરમિયાન કોંગ્રેસને મઠ દ્વારા ખુલ્લેઆમ સમર્થન આપવામાં આવ્યું હતું, અને એવું પણ માનવામાં આવે છે કે ઓલ્ડ મૈસુર વિસ્તારમાં કોંગ્રેસને વોટ કરવાની અપીલ કરવામાં આવી છે ઘણો ફાયદો થયો હતો.

## પહેલા પાનાથી...

### નીટ પેપર લીકકાંડ

આ આખાય પ્રકરણનુ એપીસેન્ટ ગોધરા હોવાની વાત સામે આવવા પામી હતી. તે પછી આજ રોજ મળતી વધુ વિગતો અનુસાર નીટ પેપર લીકકૌભાંડમાં સીબીઆઈ દ્વારા હવે ગુજરાતમાં પડાવ નાખવામાં આવ્યો છે. ગુજરાતમા ચાર જિલ્લાઓમાં સીબીઆઈની ટુકડી ત્રાટકી હોવાના અહેવાલો સામે આવવા પામી રહ્યા છે. આ અંગે મળતી વધુ વિગતો અનુસાર ગોધરા ઉપરાંત અમદાવાદ, ખેડા, આણંદમાં પણ સીબીઆઈના અધિકારીઓએ નીટ પેપર લીક કૌભાંડની તપાસ મુદ્દે દરાડો પાડી દીધા છે. આ ચાર જિલ્લાના અલગ અલગ સાત ઠેકાણાઓ પર આ પ્રકારની સર્ચની કામગીરી ચાલી રહી છે.

મહત્વનુ છે કે, નીટ પેપર લીક કાંડનો મુદ્દો ગઈકાલે સંસદમાં ઉઠાવાયો હતો અને સરકારે પણ જવાબમા કહ્યુ હતુ કે, સરકાર આ બાબતે કયાંય પાછીપાની નથી કરતી અને હવે આ કેસમાં જોડાયેલા તત્વોને ખુલ્લા પાડવા માટે સરકારે સીબીઆઈને છુટોદોર આપ્યો છે. જેમ જેમ આ વિવાદ ઉગ્ર બની રહ્યો છે તેમ તેમ તપાસ પણ વધારે તેજ બની છે. સીબીઆઈએ ગુજરાતમાં આજ રોજ સાત સ્થળોએ દરોડા પાડયા છે. ગોધરામાં દાખલથયેલી ફરીયાદના આધારે હવે તપાસ હાથ ધરવામાઆવી છે. જમાલુદીનના ગુજરાતના સંપર્કોનાઆધારે સીબીઆઈ દ્વારા દરોડાની કાર્યવાહી હાથ ધરવામા આવી રહી છે. બીજીતરફ ગોધરા કેસની તપાસ કરી રહેલી ટીમે ચાર આરોપીઓને ગોધરા કોર્ટમાં રજુ કર્યા હતા હવે આ ચારેય આરોપીઓની કસ્ટડી સીબીઆઈને આપવા અંગે આજ રોજ ચુકાદો આવાવનો છે અને તે આવ્યા બાદ વધારે કડીઓ આ કેસ સંદર્ભે સામે આવવા પામશે.

### NTA એ શુક્રવારે

શિક્ષણ મંત્રાલયને પરીક્ષાની અખંડિતતા સાથે ચેડા કરવામાં આવ્યા હોવાની માહિતી મળ્યા બાદ પરીક્ષા રદ કરવામાં આવી હતી.શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને કહ્યું હતું કે પ્રશ્નપત્ર ડાર્કનેટ પર લીક થયું હતું અને ટેલિગ્રામ એપ પર સર્ક્યુલેટ થયું હતું. આ વખતે પરીક્ષા ઓનલાઈન મોડ અને એક જ દિવસમાં લેવામાં આવી હતી. જો કે, આ નવી પરીક્ષા કોમ્પ્યુટર આધારિત ટેસ્ટની અગાઉની પેટર્ન પર લેવામાં આવશે અને તે પખવાડિયા સુધી ચાલશે. CSIR UGC-NET, જે સાવચેતીના પગલા તરીકે સ્થગિત કરવામાં આવી હતી, તે હવે ૨૫ જુલાઈથી ૨૭ જુલાઈ દરમિયાન હાથ ધરવામાં આવશે.

### સીએમની ઉપસ્થિતીમાં

માટે વિકસિત ગુજરાત થકી વિકસિત ભારતના નિર્માણ માટે ગુજરાત કટિબદ્ધ છે. તેમણે જણાવ્યું હતું કે આજે કરવામાં આવેલા એમઓયુના કારણે ગુજરાતની ફ્યુચરિસ્ટિક ટેકનોલોજીને ફાયદો થશે. ટેકનોલોજી ક્ષેત્રે યુવાઓ તૈયાર થાય તે માટે રાજ્ય સરકાર કાર્ય કરી રહી છે. તેમણે ઉમેર્યું હતું કે ગિફ્ટ સિટી ગ્લોબલ ફાઈનાન્સિયલ હબ બન્યું છે. વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ દ્વારા આજે ડીપટેક ઈનિશિયેટિવ્સમાં BFSI માટે અલ ક્લસ્ટર સ્થાપવા માટે IBM સાથે એમઓયુ કરવામાં આવ્યા હતાં. અત્રે ઉલ્લેખની છે કે આ સહયોગનો હેતુ બેંકિંગ, નાણાકીય સેવાઓ અને વીમા ક્ષેત્ર માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ પર ધ્યાન કેન્દ્રિત કરતું અલ ક્લસ્ટર સ્થાપિત કરવાનો છે. GIFT, ગાંધીનગરમાં અલ સેન્ટર ઑફ એક્સેલન્સ માટે માઈક્રોસોફ્ટ અને નાસકોમ સાથે અન્ય નોંધપાત્ર સહયોગ છે, જે સેક્ટર-વિશિષ્ટ અલ યુઝ કેસ ડેવલપમેન્ટ, સુરક્ષિત ડેટા એક્સચેન્જ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેટઅપ, અલ મોડલ ટ્રેનિંગ, પાયલોટ પ્રોજેક્ટ્સ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. વધુમાં, ૨૫,૦૦૦ વિદ્યાર્થીઓ માટે ક્ષમતા નિર્માણ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો, જેનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને અલ અને IT/ITES-સંબંધિત કૌશલ્યોમાં તાલીમ આપવા અને પ્રમાણિત કરવાના હેતુથી ડિજિટલ અર્થતંત્રમાં તેમની રોજગાર ક્ષમતાને વધારવા માટે છે. આ ઈવેન્ટમાં સાયન્સ સિટી ખાતે હાઈસ્કૂલના ૧૦,૦૦૦ વિદ્યાર્થીઓ માટે STEM વર્કશોપનો પ્રારંભ પણ જોવા મળ્યો હતો, જે વિજ્ઞાન, ટેકનોલોજી, એન્જિનિયરિંગ અને ગણિત શિક્ષણમાં પ્રારંભિક રસ અને કૌશલ્યોને પ્રોત્સાહન આપવા માટે રચાયેલ છે. માઈક્રોસોફ્ટ અને નાસકોમ સાથેના એમઓયુના ઉદ્દેશોમાં ગિફ્ટ, ગાંધીનગરમાં અલ સેન્ટર ઓફ એક્સેલન્સની સ્થાપના, વિવિધ સરકારી વિભાગો અને ખાનગી ક્ષેત્રો માટે AI/ML ઉપયોગના કેસોનો વિકાસ, સુરક્ષિત ડેટા એક્સચેન્જની સુવિધા અને ડેટા ગવર્નન્સ ફ્રેમવર્કની સ્થાપનાનો સમાવેશ થાય છે.

### લદાખમાં મોટી

અનુસાર આર્મી ટેક્ર નદી પાર કરી રહ્યા હતાં ત્યારે તે ત્યાં ફસાઈ ગઈ હતી. આ દરમિયાન પાણીના સ્તરમાં અચાનક વધારો થતાં તે પાણીથી ભરાઈ ગઈ હતી. પાણીમાંથી કેટલાક મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા છે. હાલ સર્ચ ઓપરેશન ચાલુ છે.

### વિશાખાપટ્ટનમ

બે ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી.તપાસમાં સામે આવ્યું છે કે જાસૂસીમાં પકડાયેલા આરોપીઓને પાકિસ્તાની નાગરિકોએ સહકાર આપ્યો હતો. આમાં, ભારતમાં આતંકવાદી હિંસા ફેલાવવાના ષડયંત્રના ભાગરૂપે ભારતીય નૌકાદળ સાથે સંબંધિત સંવેદનશીલ માહિતી લીક કરવામાં આવી રહી હતી. NIA કેસમાં વધુ કડીઓ ઓળખવા માટે જપ્ત સામગ્રીની તપાસ કરી રહી છે

### શું મણિપુરના CM

સૂત્રોને ટાંકીને જણાવ્યું હતું કે એન બીરેન સિંહને મુખ્યમંત્રી પદેથી હટાવીને નવા મુખ્યમંત્રી બનાવવા જોઈએ તે માટે ભાજપ નેતૃત્વને મનાવવા માટે ઘણી વખત પ્રયાસો કરવામાં આવ્યા છે. ૨૦૧૭માં તેઓ મણિપુરના મુખ્યમંત્રી બન્યા. મણિપુરમાં ગત વર્ષે ૩ મેના રોજ જાતિય હિંસા શરૂ થઈ હતી.આ વખતે ભાજપને લોકસભા ચૂંટણીમાં મણિપુરમાં પણ હાર સહન કરવી પડી હતી. અહીં કોંગ્રેસે બંને બેઠકો કબજે કરી હતી. શુક્રવારે મુખ્યમંત્રી અને તેમના સાથી પક્ષો વચ્ચે બેઠક થઈ હતી. તમને જણાવી દઈએ કે રાજ્યની કુલ ૬૦ સીટોમાંથી ૫૩ એનડીએ પાસે છે, જેમાંથી ૩૭ ભાજપ પાસે છે. બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો હતો કે મણિપુરમાં શાંતિ સ્થાપવા અંગે વડાપ્રધાન મોદીને એક મેમોરેન્ડમ સુપરત કરવામાં આવશે. બિરેન સિંહે કહ્યું હતું કે, હું પોતે દિલ્હી જઈને વડાપ્રધાન મોદી અને ગૃહમંત્રી અમિત શાહને મળવા માંગુ છું. જો કે હાલમાં ચાલી રહેલા સંસદ સત્રને કારણે થોડી મુશ્કેલી પડી રહી છે. મેં વિચાર્યું કે હવે શા માટે ખલેલ પહોંચાડવી. મેં કહ્યું કે જ્યારે પણ મીટીંગ હશે હું જઈશ. પરંતુ કેટલાક લોકો પહેલાથી જ પહોંચી ગયા હતા. આને રાજીનામા સાથે કોઈ લેવાદેવા નથી. ગઈકાલની બેઠકમાં ૩૫ ધારાસભ્યો હાજર હતા અને અમે મેમોરેન્ડમ પર હસ્તાક્ષર કર્યા છે. તેમણે કહ્યું, હું વડાપ્રધાન મોદીનો આભારી છું કે આગામી ૧૦૦ દિવસના કામમાં મણિપુરને પ્રાથમિકતા આપવામાં આવી છે.

### નેપાળના ત્રણ

એન્ટરપ્રાઈઝના ટોચના અધિકારીઓ સાથે વાતચીત કરી રહ્યા છે. એક અહેવાલમાં નેપાળી સૂત્રોને ટાંકીને કહેવામાં આવ્યું છે કે અદાણી એન્ટરપ્રાઈઝની પેટાકંપ્રી અદાણી એરપોર્ટ હોલ્ડિંગ્સ લિમિટેડના વરિષ્ઠ અધિકારીઓ નેપાળની એજન્સીના આમંત્રણ પર કાઠમંડુમાં સિવિલ એવિએશન ઓથોરિટી ઓફ નેપાળ સાથે પ્રારંભિક સ્તરની વાટાઘાટો કરી રહ્યા છે.સૂત્રોના જણાવ્યા અનુસાર, આ બેઠકો જાન્યુઆરીથી થઈ રહી છે, જ્યારે ભારતમાં આયોજિત વાઈબ્રન્ટ ગુજરાત સમિટ દરમિયાન ભારતીય ઉદ્યોગપતિ અને જૂથના અધ્યક્ષ ગૌતમ અદાણી નેપાળના નાણામંત્રી રામ શરણ મહત સાથે મળ્યા હતા. આ સમય દરમિયાન અદાણીએ નેપાળના એરપોર્ટ અને એનજીર્ સેક્ટરમાં રોકાણ કરવા માટે રસ દર્શાવ્યો હતો. અહેવાલમાં જણાવાયું છે કે નેપાળી સત્તાવાળાઓએ ભારતીય કંપ્રીને એરપોર્ટ કામગીરીનું સંચાલન કરવા માટે બિડમાં ભાગ લેવાની ઓફર કરી છે.જો કે અદાણી એન્ટરપ્રાઈઝે આ અંગે કોઈ નિર્ણય લીધો નથી.

નેપાળે જે ત્રણ એરપોર્ટને ત્રીજી કંપ્રીને આઉટસોર્સ કરવાનું નક્કી કર્યું છે તેમાં પોખરા અને ગૌતમ બુદ્ધ એરપોર્ટનો સમાવેશ થાય છે, જેને ચીન દ્વારા ફાઈનાન્સ કરવામાં આવ્યું હતું અને ચીનની કંપ્રી દ્વારા બનાવવામાં આવ્યું હતું, આ એરપોર્ટ માટે આપવામાં આવેલી લોનની વસૂલાતમાં ચીનની બેંકો પર લૂંટનો આરોપ છે. એવો આરોપ છે કે ચીને પહેલાથી જ નક્કી કરેલા દરો બાદમાં બદલ્યા છે. આ સિવાય અન્ય બે ગૌતમ બુદ્ધ ઈન્ટરનેશનલ એરપોર્ટ અને ત્રિભુવન ઈન્ટરનેશનલ એરપોર્ટ પણ સામેલ છે.

# સોપારી દાણચોરીમાં તો હવે સ્કાય ઈઝ લીમીટનો થયો તાલ!

# કાસેઝ બાદ હવે મુંદરામાં એજન્સીનો સપાટો : મુંબઈની પાર્ટીના ૪ કન્ટેઈનર ઝડપાયા : મિસડીકલેરેશનની તપાસ

**મુંબઈની મુખ્ય પાર્ટી અને કાસેઝમાં હવે ખુદનો વેરહાઉસ ખરીદનાર શખ્સના કન્ટેઈનર એજન્સીના રડારમાં આવ્યાની ચર્ચા :**

**ફેબ્રીક-સોપારી કે પછી બેઝઓઈલ? : એજન્સીએ તપાસ હાથ ધરી હોવાથી સસ્પેન્સ ઘેરાયું**

## મુંદરાથી કંડલા સ્પેશ્યલ ઈકોનોમીક ઝોનમાં દાણચોરી લોબીમાં ફેલાયો ફફડાટ

ગાંધીધામ : કચ્છના મહાબંદરો કંડલા અને મુંદરા પર વિદેશથી મોટી માત્રામાં કીમંતી ચીજવસ્તુઓની આયાત કરવામા આવતી રહે છે. પરંતુ અહી આ પ્રકારની ચીજવસ્તુઓમાં દાણચોરી કરવી, મિસડીકલેરેશન આચરીને કરોડોની ડયુટીચોરી કરનારી પણ મસમોટી સિન્ડીકેટ સક્રીય રહેલી હોય તેમ પાછલા અમુક સમયથી છાશવારે અહીથી આવા ઘટનાક્રમો પણ સામે આવવા પામી રહ્યા છે.

દરમ્યાન જ હજુ તો ગઈકાલે કાસેઝમાથી સોપારી એકપાસેર્ટ દેખાડી અને તેને પલટી મારી અને તેમાં માટી ભરી લીધાના એક મોટા પ્રકરણનો ખુલાસો અમદાવાદ ડીઆરઆઈ દ્વારા કરવામાં આવી ચૂકયો છે અને કાસેજ સહિતના કસ્ટમ વિભાગમા આ ઘટનાક્રમ બાદ હડકંપની સ્થિતી સર્જાયેલી છે તેવામાં આજ રાજે મળતી વધુ વિગતો અનુસાર અકાસેજ બાદ હવે મુંદરામાં એજન્સી ત્રાટકી છે અને વધુ ૪ જેટલા કન્ટેઈનર અલગ કિસ્સામાં તપાસ હેઠળ લઈ અને બાજુ પર મુકાવી દીધા હોવાની વાત સામે આવવા પામી રહી છે.તપાસ ચાલુમાં હોવાથી એજન્સીઓ મગનુ નામ મરી નથી પાડી રહી પરંતુ સુત્રોમાથી મળતી વિગતો અનુસાર મુંબઈની એક પાર્ટી છે કે જે કાસેજમાં ફેબ્રીકના ધંધાની સાથે લાંબા સમયથી સંકળાયેલી હતી અને થોડા સમય પહેલા જ તેણે પોતાનું વેરહાઉસ લીધુ છે અને તે બેઝઓઈલ અને ફેબ્રીક સહિતના કામો કરી રહ્યો હોવાનુ મનાય છે. આ પાર્ટીના ચાર કન્ટેઈનરો એજન્સીના રડારમાં આવી ગયા હોવાની વાત સામે આવી રહી છે. જો કે, મિસીડલકેરશન છે કે કેમ? અને કેવા પ્રકારનું છે તથા કોમોડીટી શું છે? તેની કોઈ જ સચોટ માહીતી હાલતુરંત સમોઆવવા પામી નથી પરંતુ ગઈકાલે કાસેઝ અને આજે મુંદરામાં આ રીતે એજન્સીએ તવાઈ બોલાવી હોવાથી સોપારી દાણચોર ટોળકીથી માંડી અને અલગ અલગ રીતે મિસડીકલેરેશન આચરનારાઓમાં પણ ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે.

## લોકસભામાં નેતા પ્રતિપક્ષ રાહુલ ગાંધીની વધી મુશ્કેલી : કેસમાં કોર્ટમાં આપવી પડશે હાજરી

નવીદિલ્હી :મોદી સરનેમને લઈને ટિપ્પણી સાથે જોડાયેલા માનહાનિ કેસમાં લોકસભામાં નેતા પ્રતિપક્ષ રાહુલ ગાંધીની મુશ્કેલીઓ વધી ગઈ છે. આ મામલે રાહુલ પર આરોપ નક્કી કરવામાં આવશે. રાંચીની એમપી/એમએલએ કોર્ટે ગત દિવસોમાં આરોપ રચનાના પોઈન્ટ પર સુનાવણી માટે ૬ જુલાઈની તારીખ નક્કી કરી છે. આરોપ રચના દરમિયાન કોર્ટમાં નિવેદન નોંધાવવા માટે રાહુલ ગાંધીને રાંચીની એમપી/એમએલએ કોર્ટ આવવું પડશે.વકીલ પ્રદીપ મોદી દ્વારા ૨૩ એપ્રિલ ૨૦૧૯એ નોંધાયેલા મામલાને ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૧એ એમપી/એમએલએ કોર્ટમાં સ્થળાંતરિત કરવામાં આવ્યો હતો. તે બાદ કોર્ટે રાહુલ વિરુદ્ધ સમન્સ જારી કર્યું. આની પર રાહુલે અરજી દાખલ કરીને હાજરીથી છુટ માગી, જેને કોર્ટે ફગાવી દીધી. હવે નિવેદન નોંધાવવા માટે રાહુલે કોર્ટ આવવું પડશે.લાલપુર વિસ્તારના રહેવાસી વકીલ પ્રદીપ મોદીએ સિવિલ કોર્ટ રાંચીમાં ૨૩ એપ્રિલ ૨૦૧૯માં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદકર્તાએ અરજીમાં કહ્યું હતું કે રાહુલ ગાંધીએ મોદી સરનેમ ધરાવતા લોકોને લઈને જે ટિપ્પણી કરી છે તેનાથી સમગ્ર મોદી સમાજને ઠેસ પહોંચી છે. તેથી તેમના વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી કરવામાં આવે.૨૦૧૯ લોકસભા ચૂંટણી દરમિયાન રાહુલ ગાંધીએ મોદી સરનેમને લઈને એક ટિપ્પણી કરી હતી.

## ગાંધીધામ સંકુલનું ગૌરવ : યુવા ઉદ્યોગપતિ મહેશ પુંજની ગુજરાત ચેમ્બરમાં બિનહરીફ નિયુક્તિ



ગાંધીધામ : ગુજરાત ચેમ્બરની કારોબારીની ચૂંટણી સંપૂર્ણ પર્ણે બિનહરીફ થાય તેવા એંધાણ સામે આવવા પમી રહ્યા છે. ચેમ્બરના નવા પ્રમુખ સંદીપ એન્જિનીયર લગભગ લગભગ નિશ્ચિત જ થઈ જવા પામ્યા છે. ત્યારે આ વખતની ગુજરાતની ચેમ્બરમાં કચ્છ અને ગાંધીધામના પણ યુવા ઉદ્યોગપતિને બિનહરીફ સ્થાન મળવા પામ્યુ છે.

આ મામલે મળતી માહીતી અનુસાર ગુજરાત ચેમ્બરની ચૂંટણીમાં જનરલ કેટેગરી બહાર ગામમાં ચાર જગ્યા માટે પાંચ ફોર્મ ભરાયા હતા. પરંતુ એક ફોર્મ અમાન્ય ઠરતા બાકી ચાર સભ્ય બિનહરીફ ચુંટાયા છે. બિનહરીફ ચુંટાયેલા સભ્યોમાં ભાર્ગવ ઠક્કર, અમિત પરીખ, હિમાંશુ પટેલ અને ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સના વર્તમાન પ્રમુખ મહેશભાઈ પુંજનો સમાવેશ થવા પામી રહ્યો છે. મહેશભાઈની બિનહરીફ વરણી થતા તેમના પર ઠેર ઠેરથી અભિનંદન વર્ષા થવા પામી રહી છે.

## NEET પેપર લીક કેસમાં મોટા હિન્દી દૈનિક સમાચાર પત્રના એક પત્રકારની ધરપકડ : કોલ ડિટેલ્સથી ભાંડો ફૂટ્યો

નવીદિલ્હી :NEET UG પેપર લીક કેસમાં સીબીઆઈની ટીમે એક પત્રકારની પણ ધરપકડ કરી છે. પત્રકાર જમાલુદ્દીનની હજારીબાગમાંથી ધરપકડ કરવામાં આવી છે. NEET પેપર લીક કેસમાં CBIની આ પમી ધરપકડ છે. અગાઉ સીબીઆઈએ ઓએસિસ સ્કૂલ હજારીબાગના પ્રિન્સિપાલ એહસાન ઉલ હક, વાઈસ પ્રિન્સિપાલ ઈમ્તિયાઝ આલમ, મનીષ અને આશુતોષની ધરપકડ કરી હતી. પત્રકાર જલાલુદ્દીન કથિત રીતે ડો. હક અને આલમને મદદ કરી રહ્યો હતો.સીબીઆઈની ટીમે તપાસ દરમિયાન પ્રિન્સિપાલ એહસાન ઉલ હક સાથે બે પત્રકારોનું કનેક્શન શોધી કાઢ્યું હતું. એક પત્રકાર જમાલુદ્દીનની ધરપકડ કરવામાં આવી છે. સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ ધરપકડ કરાયેલ પત્રકાર ઝારખંડના એક હિન્દી દૈનિક અખબાર સાથે સંકળાયેલો છે. NEET પેપર લીક કેસમાં કેટલાક વધુ લોકોની પૂછપરછ કરવામાં આવી રહી છે અને આમા સંડોવાયેલા વધુ લોકોની ધરપકડ થવાની સંભાવના છે.પેપર લીક અને NEET પરીક્ષા દરમિયાન પત્રકાર અને પ્રિન્સિપાલ વચ્ચે સતત વાતચીત થઈ હતી. અહેસાન ઉલ હકની કોલ ડિટેઈલના આધારે પત્રકારને સીબીઆઈ દ્વારા પૂછપરછ માટે બોલાવવામાં આવ્યો હતો. NEET કેસમાં CBI ગુજરાતમાં ૭ સ્થળો પર સર્ચ કરી રહી છે.

## રાજકોટના ચીફ ફાયર ઓફિસર તરીકે અનિલ મારૂની નિયુક્તિ



ભુજ : રાજકોટમાં સર્જાયેલા ટીઆરપી ગેમ ઝોન કાંડમાં ફાયર વિભાગની ગંભીર બેદરકારી સામે આવી હતી. જેથી રાજકોટ મહાનગરપાલિકાના ચીફ ફાયર ઓફિસર આઈ.એ.ખેર, ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર ડી.જે. ઠેબા અને સ્ટેશન ઓફિસર રોહિત વિગોરા સહિતનાઓને સસ્પેન્ડ કરાયા હતા. જે બાદ રાજકોટ મહાનગરપાલિકામાં ચીફ ફાયર ઓફિસરની જગ્યા ખાલી હતી. જેના કારણે ફાયર એનઓસી આપવા સહિતના મુદ્દે મુશ્કેલીઓ સર્જાતી હોઈ સૌરાષ્ટ્ર ઝોનની નગરપાલિકાના રિજ્યોનલ ફાયર ઓફિસર (આરએફઓ) અનીલ મારૂને રાજકોટ મહાનગરપાલિકામાં ચીફ ફાયર ઓફિસર તરીકે વધારાનો ચાર્જ આપવામાં આવ્યો છે. અનીલ મારૂ અગાઉ ભુજ નગરપાલિકામાં હતા અને પ્રમોશન સાથે રાજકોટમાં નિમણૂક અપાઈ હતી. તેમના અંડરમાં કચ્છ સૌરાષ્ટ્રની નગરપાલિકાઓના ફાયર વિભાગ આવે છે. હવે તેઓને મહાનગરપાલિકાની વધારાની જવાબદારી અપાઈ છે.

### ભારત અને દક્ષિણ આફ્રિકાની ટીમોએ બાર્બાડોસની પિચનો કર્યો અભ્યાસ

નવીદિલ્હી : ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ની ફાઈનલ શનિવારે સાંજે બાર્બાડોસમાં રમાનારી છે. આ માટે ભારત અને દક્ષિણ આફ્રિકાનું હોમવર્ક થઈ ગયું છે. હવે રાહ જોવાની છે કે બાર્બાડોસના મેદાનમાં કઈ ટીમ પોતાની રણનીતિને યોગ્ય રીતે લાગુ કરે છે. જે ટીમ રણનીતિ લાગુ કરવામાં સફળ થશે તે ટી૨૦ વર્લ્ડ કપની ટ્રોફી પણ પોતાના હાથોમાં ઉંચકીને જશ્ન મનાવશે.ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ની ફાઈનલમાં તેમની જીતનો સિલસિલો અવરોધાય તેવું કોઈપણ ટીમ ઈચ્છશે નહીં. બંને ટીમો ટૂર્નામેન્ટમાં શરુઆતથી જ સતત વિજય મેળવીને અહીં સુધી પહોંચ્યા છે.

### ટ્રાન્સપોર્ટ વાહનના પસંદગીના નંબર મેળવવા સિરિઝનું ઓકશન કરાશે

ભુજ : સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, અંજાર દ્વારા ટ્રાન્સપોર્ટ વાહનો (૩-વ્હીલ પેસેન્જર સિવાયના)ના ગોલ્ડન, સિલ્વર નંબરોની સિરિઝ જીએ-૩૯-ટીએનું ઓકશન શરૂ કરવામાં આવનાર છે. અંજાર, ગાંધીધામ, ભચાઉ અને રાપર (પૂર્વ-કચ્છ) જિલ્લાની મોટરીંગ પબ્લિક માટે ઓનલાઈન અરજી ૪-૭-૨૦૨૪, સમય સાંજે ૪ કલાકે શરૂ થશે. ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તા.૬-૭-૨૦૨૪, સમય સાંજે ૪ કલાક સુધી રહેશે. ઈ-ઓકશનની શરૂઆત તા.૬-૭-૨૦૨૪, સમય સાંજે ૪ કલાક સુધી, ઈ-ઓકશન સમાપ્ત તા.૮-૭-૨૦૨૪, સમય સાંજે ૪ કલાક સુધી થશે.


## દેશને કલંકિત કરતી ઘટના : ભાજપની મહીલા નેતાને નગ્ન કરી માર્યો ઢોર માર : રાજકીય બબાલ

નવી દીલ્હી : ૩૨ વર્ષની મહિલાને કપડાં કાઢીને માર મારવાના મામલાને લઈને રાજકીય હંગામો, ભાજપે કહ્યું પીડિત પાર્ટીના લઘુમતી મોરચાના ઉપાધ્યક્ષ તો TMCએ પારિવારિક વિવાદ હતો .પશ્ચિમ બંગાળથી એક ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. વિગતો મુજબ પશ્ચિમ બંગાળના કૂચ બિહારમાં ૩૨ વર્ષની મહિલાને કપડાં કાઢીને માર મારવાના મામલાને લઈને રાજકીય હંગામો શરૂ થઈ ગયો છે. આ તરફ હવે ભાજપનો દાવો છે કે, પીડિતા પાર્ટીના લઘુમતી મોરચાના ઉપાધ્યક્ષ છે. ભાજપે રાષ્ટ્રીય માનવાધિકાર આયોગને પત્ર લખીને ઘટનાની તપાસ માટે તેની ટીમ રાજ્યમાં મોકલવા જણાવ્યું છે. સાથે જ TMCએ ભાજપ પર સંકુચિત રાજનીતિ કરવાનો આરોપ લગાવ્યો છે. પોલીસનું કહેવું છે કે, ખોટી માહિતી આપીને મામલાને સાંપ્રદાયિક બનાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. જ્યારે તે પારિવારિક વિવાદ હતો. પીડિતાના પિતાએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતુ કે, લાંબા સમયથી ચાલી રહેલા પારિવારિક વિવાદને કારણે પડોશીઓએ તેમની પુત્રી પર હુમલો કર્યો હતો. પાડોશી સાથે ઘણા સમયથી

## રાજકોટમાં રૂ. ૧૮૫ કરોડના ખર્ચે ૪ નવા ફ્લાય ઓવર સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે નિર્માણ થશે

ગાંધીનગર: મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના મહાનગરો-નગરોના લોકોના જનજીવનની સુવિધા સુખાકારીમાં વૃદ્ધિ માટે મહત્વપૂર્ણ નિર્ણય લઈને રાજકોટ મહાનગરમાં ચાર ફ્લાય ઓવર માટે રૂ.૧૮૫ કરોડ સહિત સૌરાષ્ટ્ર વિસ્તાર માટે કુલ રૂ.૨૪૭.૯૨ કરોડના વિકાસ કામોની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાના ફ્લાય ઓવર બ્રિજ ઘટક અંતર્ગત મુખ્યમંત્રી એ રાજકોટ મહાનગરમાં ચાર ફ્લાય ઓવર નિર્માણની મહા નગરપાલિકાની દરખાસ્તને સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. તદઅનુસાર, કુલ રૂ. ૧૮૫.૭૯ કરોડના અંદાજિત ખર્ચે રાજકોટમાં કટારીયા ચોકડી પર અંડરબ્રિજ અને ફ્લાય ઓવર બ્રિજના ફેઝ-૨ નું કામ, રૈયા ગામથી સ્માર્ટ સિટીના ડી.પી. રોડ પર વોકળા બ્રિજ નિર્માણ, ૧૫૦ ફૂટ રીંગ રોડ પર કટારીયા ચોકડીથી સ્માર્ટ સિટી જતા રોડ પર ત્રણ બ્રિજના વાઈડનીંગ કામ તેમજ ખોખળ દળ નદી ઉપર કોઠારીયા તથા લાપાસરીને જોડતા માર્ગ પર હાઈ લેવલ બ્રિજ બનાવવાના કામોનો સમાવેશ થાય છે.મુખ્યમંત્રી એ રાજકોટ મહાનગરપાલિકાના ફ્લાય ઓવરના કામો સહિત સૌરાષ્ટ્રના ભાવનગર, શિહોર, ગોંડલ અને માળિયા-મિયાણા માટે પણ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાંથી વિકાસ કામો માટે રકમ ફાળવવા સૈદ્ધાંતિક અનુમોદન આપ્યું છે.આ સંદર્ભમાં મુખ્યમંત્રી સમક્ષ શહેરી વિકાસ વિભાગની રજૂ થયેલી વિવિધ દરખાસ્તોમાંથી ભાવનગર વિસ્તાર વિકાસ સત્તામંડળના નવ ગામો પૈકીની સૂચિત નગર યોજના ૩૧ અને વરતેજ ગામતળના વિસ્તારની ભૂગર્ભ ગટર યોજના માટે તેમણે ૪૫.૬૯ કરોડ રૂપિયા ફાળવવા અનુમતિ આપી છે.એટલું જ નહીં, નગરોમાં આગવી ઓળખના કામો પણ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં મંજૂર કરવામાં આવ્યા છે.

## GYAN એટલે ગરીબ, યુવાન, અન્નદાતા અને નારી શક્તિ પર વિશેષ ધ્યાન આપવાની જરૂર : કે.એલ.બચાણી



**માહિતી નિયામક કે.એલ.બચાણીની અધ્યક્ષતામાં ખેરાલુ તાલુકાના સાકરી અને મહિયલ શાળામાં કન્યા કેળવણી મહોત્સવ-શાળા પ્રવેશોત્સવની ઉજવણી કરાઇ**

મહેસાણા: મહેસાણા જિલ્લાના ખેરાલુ તાલુકાના મહિયલ અને સાકરી ગામે શાળા પ્રવેશોત્સવની ઉજવણી પ્રસંગે માહિતી નિયામક કે.એલ.બચાણીએ જણાવ્યું હતું કે,આ સકારત્મક વિચાર થકી દેશના પ્રધાનમંત્રીશ્રી અને તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરેલ શાળા પ્રવેશોત્સવ-કન્યા કેળવણી મહોત્સવના મીઠા ફળ આપણે મેળવી રહ્યા છીએ. આ પ્રસંગે નિયામક બચાણીએ ઉમેર્યું હતું કે બાળકના વિકાસના પાયામાં શિક્ષકો, વાલીઓ અને વિદ્યાર્થીઓનો ફાળો વિશેષ છે. તેમણે ઉમેર્યું હતું કે રાજ્યમાં ચાલતા આ શિક્ષણ પર્વમાં ૩૩ જિલ્લા, ૨૫૪ તાલુકા, ૩૨૪૭ ક્લસ્ટર, ૦૪ લાખ શિક્ષકો, ૦૧ કરોડ ૧૫ લાખ વિદ્યાર્થીઓ સહિત અસંખ્ય નાગરિકોની ભાગીદારી જોવા મળે છે.માહિતી નિયામક બચાણીએ જણાવ્યું હતું કે વિકસિત ભારતની કલ્પનાને સાર્થક કરવા માટે GYAN એટલે ગરીબ, યુવાન, અન્નદાતા અને નારી શક્તિ પર વિશેષ ધ્યાન આપવાની જરૂર છે. માહિતી નિયામક એ શિક્ષણમાં ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરવા બાબતે તેમણે ક્યુઆર કોડ, યુટ્યુબ ચેનલ, આર્ટીફીશીયલ ઈન્ટેલીજન્ટ, મશીન લેંગ્વેઝ, માઈક્રોસોફ્ટ ટીમ સહિત વિવિધ તકનકી ટુલ્સથી વિદ્યાર્થીઓ અને વાલીઓને અવગત કર્યા હતા

# ગાંધીધામ પંચમુખી હનુમાન મધ્યે 'એક પેડ માં કે નામ' કાર્યક્રમ યોજાયો

ગાંધીધામ:વિશ્વ પર્યાવરણ દિવસ અંતર્ગત દેશના વડાપ્રધાન દ્વારા એક પેડ માટે નામ અભિયાન આદરાયું રહ્યું હતું જેના ભાગરૂપે ગાંધીધામ પંચમુખી હનુમાન મધ્યે''એક પેડ માં કે નામ'' કાર્યક્રમ ને લોકઉત્સવ બનાવવા વૃક્ષારોપણ અભિયાનને પારંભ કરાયો હતો

કચ્છ જિલ્લા ભાજપ ના નેતૃત્વમાં જિલ્લા ના ગામે ગામ તેમજ શહેર ના દરેક બુથ લેવલે વૃક્ષારોપણ કાર્યકર્મો તારીખ ૨૬ જૂન થી ૬ જુલાઈ સુંધી બુથ લેવલે કાર્યક્રમો યોજાશે જેના ભાગરુપે આજે પંચમુખી હનુમાન મંદિર આદિપુર ખાતે સંત શ્રી પ્રકાશાનંદજી મહારાજ તેમજ ધારાસભ્ય માલતીબેન મહેશ્વરીના નેતૃત્વમાં જન્મદેનારી માતા - ધરતી માતા - પ્રકૃતિમાતા - ગૌમાતાની સ્મૃતિમાં ''માં સ્મૃતિવન''નું નિર્માણ વૃક્ષારોપણ દ્વારા કરવામાં આવ્યું





જેમાં નગરપાલિકા પ્રમુખ તેજસ શેઠ, મંડલ પ્રમુખ પંકજભાઈ ઠક્કર, કા. ચેરમેન એ. કે. સીંગ, શાસક પક્ષ નેતા ભરત મીરાણી, મહામંત્રી મહેન્દ્ર જુણેજા, નગરપાલિકાના કાઉન્સીલર શ્રીનો મંડલના હોદેદાર શ્રીઓ તેમજ વિવિદ સંસ્થાના આગેવાનો આ કાર્યક્રમ જોડાયા હતા. ગાંધીધામ શહેર ભાજપ મીડિયા સેલ ઈન્ચાર્જ પરેશ પટેલની યાદીમાં જણાવ્યું હતું.

# ચોમાસા દરમ્યાન બીએસએનએલની સાથે જીસ્વાનની સંકલનરૂપ કામગીરી સરાહનીય

## વરસાદથી જીલ્લાની કલેકટર કચેરીનું તાલુકા મથકને મામલતદાર કચેરી સહિતનાઓની સાથેના નેટવર્કને સ્થાયી-સ્થિર રાખવા દર્શાવાઈ સતર્કતા

ગાંધીધામ : ભુજની કલેકટર કચેરીથી તમામ તાલુકા-મામલતદાર કચેરી સાથે બીએસએનએલ મીડીયા દ્વારાજીસ્વાન નેટવર્કથી જોડાયો છે. જો કોઈ પણ બીએસએનએલ મીડીયા-રીંગ ખામીયુકત બને તો તમામ જીસ્વાન નેટવર્ક પ્રભાવિત થાય છે અને સેવાઓ બંધ થાય છે. આ ઉપરાંત જો ડ્રેનેજ માટે ખોદકામને લગતું કોઈ કામ હોય તો ચકકસ વિસ્તારમાં ઓફએસસી કેબલ કપાય છે અને તેના કારણે લીઝ લાઈન પણ ડાઉન થાય છે. ત્યારે આ વિભાગના જિલ્લા કો.ઓડી.શ્રી ગોવિદભાઈ જણાવી રહ્યા છે કે, તેઓની ટીમની પ્રાથમિકતા એ જ હોય છે કે, જેમ બને તે બીએસએનએલ અધિકારીઓ સાથે સંકલન કરીને નેટવૃક રીસ્ટોર કરવામાં આવે. કેમ કે ઓનલાઈન બધી જ સર્વિસ પ્રજા સબંધિત હોય છે.

જે વધુ સમય બાદ રહે તો અરજદાર પરેશાન થાય. પાછલા ત્રણેક દીવસથી ભુજમાં બીએસએનએલ મીડીયાનો પ્રોબ્લેમ થયો હતો જે એમની ટીમ સાથે સંકલન કરી અને તમેની મદદથી રીસ્ટોર કરાયા હતા. એ ઉપરાંત દરેક તાલુકા મામલતદાર ઓફીસમાં ટેકિનકીલ એંજીનિયમર હોય છે જે પણ લોકલ ઓફીસરમા નેટવર્કમા સ્ટેબલ રહે તે માટે તૈયાર હોય છે. બીપીરજોય વાવાજોડમાં તાલુકા છેવલની ઓફીસમાં નેટવર્ક ડીવાઈજ ફોલ્ટી થયા હતા જે પણ ઝડપથી બદલી આપીને નેટવર્ક ચાલુ કરી આપ્યુ હતુ. આ ઉપરાંત દરેક તાલુકા એંનજીનીયર કોઈ એપ્લીકેશનમાં ઈસ્યુ હોય તો પણ તેનુ સોશ્યલ મીડીયાના ગ્રુપમાં સક્રીય અધિકારી-કર્મીઓને માહીતી આપી અને તેનું સોલ્યુસન કરી

# સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | 6 | | 8 | | | |
| 5 | | 6 | | | | 7 | | 8 |
| 8 | 9 | | | 4 | | | 1 | 6 |
| | 6 | | | 9 | | | 7 | |
| 7 | | | 4 | | 2 | | | 5 |
| | 8 | | | 3 | | | 2 | |
| 3 | 1 | | | 7 | | | 6 | 4 |
| 6 | | 7 | | | | 9 | | 2 |
| | | | 8 | | 4 | | | |

અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

**ગઈકાલનો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 3 | 9 | 5 | 7 | 6 | 4 | 1 | 8 |
| 5 | 6 | 8 | 4 | 1 | 2 | 3 | 7 | 9 |
| 7 | 1 | 4 | 3 | 8 | 9 | 5 | 2 | 6 |
| 1 | 9 | 2 | 4 | 8 | 5 | 7 | 6 | 3 |
| 6 | 4 | 3 | 7 | 2 | 1 | 9 | 8 | 5 |
| 8 | 5 | 7 | 6 | 9 | 3 | 2 | 4 | 1 |
| 3 | 8 | 1 | 2 | 5 | 4 | 6 | 9 | 7 |
| 9 | 2 | 6 | 1 | 3 | 7 | 8 | 5 | 4 |
| 4 | 7 | 5 | 9 | 6 | 8 | 1 | 3 | 2 |

# આદિપુરમાં જય પરશુરામ સેવા બ્રહ્મ સમાજ દ્વારા સર્વ જ્ઞાતિના વિદ્યાર્થીઓને નોટબુક વિતરણ કરાઈ

## દાતાઓનો આભાર વ્યક્ત કરાયો : વિવિધ સ્થળોએ વિતરણ ચાલુ

આદિપુર : સર્વ જ્ઞાતિના વિદ્યાર્થીઓને રાહતદરે નોટબુક વિતરણનો કાર્યક્રમ જય પરશુરામ સેવા બ્રહ્મ સમાજ આદિપુર, ગાંધીધામ દ્વારા જોશી ક્લિનિક ખાતે વિતરણ વ્યવસ્થા રાખવામાં આવી હતી. જેમાં ૪૦૦ ડઝન નોટબુકનું વિતરણ કરાયું હતું.

ડૉ.નરેશ જોશીના માર્ગદર્શન હેઠળ દરરોજ છ કલાક અને ૧૦ દિવસ સુધી આ વિતરણ વ્યવસ્થા પ્રદીશ જોશી દ્વારા સંભાળવામાં આવી હતી.

જેમાં યતિનદવે, પુસ્કર જોશી, સંદીપ વ્યાસ, ઉમેશ ઓઝા, હરશ્રી પંડ્યા, દીપક દવે, વિનોદ દવે, જીતેન્દ્ર સોમપુરા, મહિલા મંડળ સ.બ્ર. ના અધ્યક્ષા પન્નાબેન જોશી વગેરેએ સહયોગ આપ્યો હતો. ઉદ્‌ઘાટન પ્રસંગે સંસ્થાના પ્રમુખ મેહુલ રાવલ, પૂર્વ પ્રમુખો હિતેશ દવે, રાજેશધારક, હોદેદારો દિપેશભાઈ ભટ્ટ, પ્રતીક જોશી, નગરસેવક લીનાબેન ધારક વગેરે હાજર રહ્યા હતા અને આ કાર્યના દાતાઓનો આભાર વ્યક્ત કરાયો હતો. વિવિધ સ્થળોએથી વિતરણ વ્યવસ્થા ચાલુ છે. આ અંગેની માહીતી માટે મેહુલ રાવલ મો.ન. ૯૭૨૪૩ ૦૭૪૯૯નો સંપર્ક કરવા અપીલ કરાઈ છે.

# ઐતિહાસીક અંજાર શહેર મધ્યે વોર્ડ નંબર ૯ મધ્યે મેડિકલ કેમ્પ યોજાયો

અંજાર : આરોગ્ય કલ્યાણ વિભાગ નિયામક આયુષ ગાંધીનગર જિલ્લા પંચાયત આયુર્વેદ શાખા ભુજ દ્વારા પ્રેરિત સરકારી આયુર્વેદિક દવાખાનાઓના સંયુક્ત ઉપક્રમે વોર્ડ ૯ ના રહેવાસીઓ માટે નિઃશુલ્ક સર્વ રોગ મલ્ટી - સ્પેસીયાલીટી મેગા મેડિકલ કેમ્પ આયુર્વેદિક, હોમીયોપેથી તથા મેડિકલ ડેન્ટલ નિદાન - સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું.

આ મેડિકલ કેમ્પ ડો. દીપાંશુ મકવાણા દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યા બાદ ડૉ.મિત્તલ ઠક્કર, ડો. આનંદ દવે, ડો.પિયુષ દોડીવાડીયા , ડો.મુકેશ નીનામા, ડૉ.ગ્રેસી જોબન પુત્રા, લેબ ટેકનીશિયન આરતી બા જાડેજા



તેમજ એક્સ રે વિભાગ ઉષાબેન પરમાર,દિગ્વિજયસિંહ જાડેજા દ્વારા સેવા આપવામાં આવેલ હતી.આવનારા લાભાર્થીઓ ને નિઃશુલ્ક દવા, પોસ્ટ વિભાગ દ્વારા ખાતું ખોલાવવા, આયુષ્માન કાર્ડ કઢાવવા વગેરે આયોજન કરવામાં આવેલ હતું.આ કેમ્પ ને સફળ બનાવવા પાર્થ સોરઠીયા, કા. ચે. અંજાર નગર પાલીકા, વિનોદ ચોટારા આરોગ્ય વિભાગ, કંચન બેન બાંભણીયા, ઝંખના બેન સોનેતા સ્થાનિક કાઉન્સિલર તેમજ આશા વર્કર ઉષાબેન કાતરિયા દ્વારા કાર્યક્રમ ને સફળ બનાવવા સહયોગ સાંપડ્યો હતો તેવું સંચાલન કર્તા જીતેન્દ્ર ચોટારા એ જણાવ્યું હતું.

# અવસાન નોંધ

**અંજાર** : હાલે સતાપરના કુ. હેમાંગીબેન પ્રતાપભાઈ ઉદવાણી (ઉ.વ. ૨૬) તે પ્રજ્ઞાબેન અને પ્રતાપભાઈ નેણશીભાઈ ઉદવાણીના પુત્રી, હર્ષ, બંસરીના મોટા બહેન, સ્વ. ઠા. નેણશીભાઈ દેવકરણભાઈ ઉદવાણીના પૌત્રી, મંજુલાબેન અને સ્વ. ઠા. ઠાકરશી ગોકલદાસ વોરાણી (સતાપર)ના દોહિત્રી, સ્વ. ચંદ્રકાન્તભાઈ, વીરજીભાઈ, જયાબેન કાનજી પલણ (ગાંધીધામ), ચંદાબેન જયેશ ભિયાણી (અંજાર), સ્વ. રેખાબેન રાજેશ જોબનપુત્રા (ભુજ)ના ભત્રીજી, સ્વ. પરેશભાઈ, નીલેશભાઈ, સ્વ. ભાવેશભાઈ, કોમલબેન પંકજ સચદે (ગાંધીધામ), ઉર્વીબેન રોનક શાહ (ઓસ્ટ્રેલિયા)ના ભાણેજી તા. ૨૭-૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૯-૬ના શનિવારે સાંજે પથી ૬ રઘુનાથ મંદિર, સવાસર નાકા, અંજાર ખાતે ભાઈઓ - બહેનોની સાથે.

**અંજાર** : મૂળ મુંદરાના ગુર્જર સુતાર ગિરીશભાઈ છનિયારા (ઉ.વ. ૬૨) તે સંગીતાબેનના પતિ, સ્વ. હીરાબેન હીરાલાલ નારાણભાઈ છનિયારાના પુત્ર, ક્રિષ્નાબેનના પિતા, ગં.સ્વ. શાંતાબેન દેવશીભાઈ જોલાપર (ગાંધીનગર)ના જમાઈ, સ્વ. મંજુલાબેન રસિકભાઈ સીતાપરા (રાજકોટ)ના ભત્રીજા, સ્વ. કાનુબા વીરજી પ્રેમજી ખારેચા (ચંદિયા)ના દોહિત્ર, ગં.સ્વ. જશુબેન રમેશભાઈ ભારદિયા (ભુજ), તારાબેન શાંતિલાલ જોલાપરા (ભુજ), હર્ષદ હીરાલાલ છનિયારા (અંજાર), ગં.સ્વ. હિનાબેન સુરેશભાઈ ચવેલિયા (ભુજ), ગીતાબેન નીતિનભાઈ દહીંસરિયા (આદિપુર)ના ભાઈ, પન્નાબેન હર્ષદભાઈ છનિયારા (અંજાર)ના દિયર, શાંતિલાલ ધનજીભાઈ જોલાપરા (ભુજ), નીતિન હરિભાઈ દહીંસરિયા (મંત્રી, ગુર્જર સુતાર જ્ઞાતિ મંડળ કચ્છ - આદિપુર), સ્વ. સુરેશભાઈ માવજીભાઈ ચવેલિયા (ભુજ), સ્વ. રમેશભાઈ નારાણભાઈ ભારદિયા (ભુજ)ના સાળા, જસુબેન બકુલભાઈ પીનારા (ગાંધીનગર), ગુણવંતીબેન ભૂપેન્દ્રભાઈ વડગામા (અંજાર), પ્રફુલભાઈ, ઉમેશભાઈ, નીતિનભાઈ દેવશીભાઈ જોલાપરા (ગાંધીનગર)ના બનેવી, સંધ્યાબેન કિશનભાઈ છનિયારા (અંજાર)ના કાકાજી, ગં.સ્વ. પ્રીતિબેન ચેતનભાઈ સોની (ભુજ), છાયાબેન હિતેષભાઈ પીનારા (અંજાર), વિપુલભાઈ/સુધીરભાઈ શાંતિલાલ જોલાપરા (ભુજ), મિહિર નીતિનભાઈ દહીંસરિયા (આદિપુર), જયકુમાર સુરેશભાઈ ચવેલિયા (ભુજ)ના મામા, ડો. વિશ્વકુમાર દિલીપભાઈ પટેલ (વિજાપુર)ના સસરા, કિશનભાઈ, હેમલ હર્ષદભાઈ છનિયારા (અંજાર)ના કાકા તા. ૨૭-૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૯-૬ના શનિવારે સાંજે પથી ૬ વિશ્વકર્મા ભવન, ગુર્જર સુતાર જ્ઞાતિ મંડળ કચ્છ - આદિપુર, કપિલમુનિ આશ્રમની બાજુમાં, ટાગોર રોડ, આદિપુર ખાતે.

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
**કચ્છ જિલ્લામાં સર્વે ગ્રાહકો મિત્રોને જણાવવાનું કે કચ્છ ઉદય સાંધ્ય દૈનિકમાં મરણનોંધ બપોરે ૧૨.૦૦ વાગ્યા સુધી સ્વીકારવામાં આવશે.**
**અવસાન નોંધ** માટે મરણનો દાખલો, આધાર પુરાવો, ગામ પંચાયતનો લેટર, તથા કાઉન્સીલરનો લેટર હશે તો અવસાન નોંધ સ્વીકારવામાં આવશે.
**સંપર્ક : પ્લોટ નં.૨૮૭, સેકટર-૧/એ, ગાંધીધામ**

**ખંભરા (તા. અંજાર)** : ચાવડા રસિકલાલ માધવજી (ઉ.વ. ૬૮) (નિવૃત્ત આર.એફ. ઓ.) તે સ્વ. મટુબેન માધવજી ચાવડાના પુત્ર, રશ્મિબેનના પતિ, શાન્તાબેન, અમૃતલાલ, જીવરામભાઈ (નિ. શિક્ષક)ના નાના ભાઈ, હર્ષા, હેતલ, પૂજા, ઉમંગ (કોટક મહિન્દ્રા બેંક લિ.)ના પિતા, રાઠોડ ચેતનકુમાર પ્રેમજીભાઈ (નાગલપર), ચૌહાણ નીરવ રમેશભાઈ (અંજાર), યાદવ જિજ્ઞેશકુમાર વિનોદભાઈ (માધાપર), હિના ઉમંગભાઈ ચાવડાના સસરા, મણિબેન કેશવજીભાઈ ચૌહાણના જમાઈ, રસિકભાઈ ચૌહાણ, દિનેશભાઈ ચૌહાણ, કંચનબેન ટાંક, રાધાબેન મારૂ, નીતાબેન રાઠોડના બનેવી, રસીલાબેન અને ચેતનાબેનના નણદોયા, ચાવડા નીલેશ, આશિષ, ભાવિતાબેન, ફાલ્ગુનીબેન, સુનિતાબેન, સીમાબેન, કાજલબેનના કાકા, સારિકાબેન નીલેશ, નીતીષાબેન આશિષના કાકાજી તા. ૨૪-૬ના અવસાન પામ્યા છે. બેસણું/સાદડી નિવાસસ્થાને પ્લોટ નં. ૧૩૨, શાંતિનગર, ખંભરા ખાતે.

**મીંદિયાળા (તા. અંજાર)** : મૂળ ખેંગારપરના કાનજીભાઈ કાપડી (ઉ.વ. ૭૦) તે સ્વ. હીરારામ આણંદરામ કાપડીના પુત્ર, સ્વ. વલમજીભાઈ શામજીભાઈ કાપડી (મીંદિયાળા)ના જમાઈ, કાશીબેનના પતિ, રમેશભાઈ, દિનેશભાઈ, કુલદીપભાઈ, રસીલાબેનના પિતા, નાનજીભાઈ, રણછોડભાઈ, રાજેશભાઈ (ખેંગારપર), રૂક્ષ્મણીબેન (કુનરિયા), રંજનબેન, ગીતાબેન (અંજાર)ના ભાઈ તા. ૧૯-૬ના અવસાન પામ્યા છે. લૌકિક વ્યવહાર નિવાસસ્થાન મીંદિયાળા ખાતે. ધાર્મિકવિધિ - પૂજનવિધિ તા. ૩૦-૬ના રવિવારે નિવાસસ્થાને.

**ભુજ** : ભાનુશાલી દામજી (ગાભુભાઈ) નારાણજી દામા (ઉ.વ. ૭૦) તે સ્વ. નારાણજી ચત્રભુજ દામાના પુત્ર, લક્ષ્મીબેનના પતિ, સ્વ. લીલાધર નારાણજી, હરેશભાઈ નારાણજીના મોટા ભાઈ, કરસન પેરાજભાઈ (નિરોણા), પૂંજારામ કાનજી (નિરોણા), મોહન વેલજી (ઝુરા), શામજી હીરજી (માધાપર)ના કાકાઈ ભાઈ, ડિમ્પલ, પલ્લવી, કનૈયા, યશના પિતા, મયૂર, રાજેશ, હિતેષ, દીપક, જિગરના મોટા બાપા, સ્વ. શંકરલાલ વેરશી કટારમલ (મોટી બાલાચોડ)ના જમાઈ તા. ૨૮-૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૩૦-૬ના રવિવારે સાંજે ૩થી ૪ ભાનુશાલી વાડી, જેષ્ઠાનગર ખાતે.

**ભુજ** : મૂળ મોરબીના મ.ક.સ.સુ. ઉષાબેન લાલજીભાઈ રાઠોડ (ઉ.વ. ૫૫) તે સ્વ. લાલજી નાનજી રાઠોડ, સ્વ. લાભુબેનના પુત્રી, રમણીકલાલ, જિતેન્દ્રભાઈ, અરૂણભાઈ, સ્વ. ઈચ્છાબેન જેન્તીલાલ પીઠડિયા, ગં.સ્વ. લીલાવંતીબેન જેન્તીલાલ ધામેચા, ભાનુબેન લાલજી રાઠોડ, સ્વ. ધનલક્ષ્મી જશવંતભાઈ બાયડ, સ્વ. દમયંતીબેનના બહેન, સ્વ. મંગળાબેન રમણીકભાઈ, હંસા જિતેન્દ્ર, જયશ્રી અરૂણભાઈના નણંદ તા. ૨૭-૬ના અવસાન પામ્યા છે. સાદડી તા. ૨૯-૬ના શનિવારે સાંજે પથી ૬ દરજી જ્ઞાતિની વાડી, નાગરચકલા ખાતે.

**ભુજ** : મૂળ અંજારના મંજુબેન વસંતકુમાર ગણાત્રા (ઉ.વ. ૬૫), તે સ્વ. વસંતભાઈ કાન્તીભાઈના પત્ની, જય, રશ્મિન, હિતેશના માતા, મનસુખલાલભાઈ, બાબુભાઈ, જવેરબેનના બહેન, ભરતભાઈ, નીતિનભાઈ, કમલેશભાઈ, વિમલ, કનૈયાભાઈના મામી, અરૂણાબેન, જીજીબેન, ભારતીબેનના દેરાણી, તબુબેનના સાસુ તા. ૨૬-૬ના અવસાન પામ્યા છે. ધાર્મિકક્રિયા પૂર્ણ થયેલ છે. સાદડી, ઉઠમણું તા. ૨૯-૬ના સાંજે પથી ૬, દરિયાસ્થાન મંદિર, ચોક ફળિયા ભુજ ખાતે.

**ભુજ** : મૂળ અંજારના હાલ સતના (એમ.પી.) પ્રફુલ્લા સુરેશ દોશી (જૈન) (ઉ.વ. ૭૪) તે સુરેશ ખુશાલ દોશીના પત્ની, ખુશાલ મોણશી દોશીના પુત્રવધૂ, સ્વ. શોભનાબેન, સ્વ. સુધીરભાઈ, સ્વ. નીલેશભાઈના ભાભી, શીતલ અને ભારતીના જેઠાણી, અમીશ અને પરીના કાકી, દર્શિકાના કાકીજી, ચંદ્રમણિ ચમનલાલ શાહના પુત્રી, સ્વ. નરેન્દ્ર, સ્વ. પદમા, સ્વ. હિના ચૈલેશ, ઉર્વશીના બહેન, વાસંતી અને ઈલાના નણંદ, સ્વ. કૃષ્ણકુમાર અને કમલેશના સાળી, સિદ્ધિ, કશ્મી, લયના ફઈ, પરીન, નીરજ, અમીષા, રિયા, ધ્વનિના માસી, સુરેશ અને ધવલના ફઈજી, ખ્યાતિ, સિદ્ધિ, ભવ્યના માસીજી તા. ૨૪-૬ના સનતા (એમ.પી.) ખાતે અવસાન પામ્યા છે. (લૌકિક વ્યવહાર રાખેલો નથી) સંપર્ક : ૯૪૨૬૪ ૨૪૦૭૪, ૭૯૮૪૭ ૦૮૪૬૦.

**ભુજ** : ગં.સ્વ. ગીતાબેન જિતેન્દ્ર વાસાણી (ઉ.વ. ૫૫) તે સ્વ. જિતેન્દ્રના પત્ની, નયનના માતા, રિદ્ધિના સાસુ, અશોકભાઈ વાલજી, દિલીપભાઈ ઉમરશીના નાના ભાઈના પત્ની, ધર્મેન્દ્રભાઈ, તારાબેન, સરલાબેનના ભાભી, ગીતાબેનના જેઠાણી, સ્વ. નવલબેન, મંજુબેન, ભાનુબેન, કલ્પનાબેન, ભારતીબેન, જયશ્રીબેન, વિજયભાઈના બહેન તા. ૨૭- ૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૯-૬ના શનિવારે સાંજે પથી ૬ ગુ.ક્ષ.ક. સલાટ જ્ઞાતિની વાડી, સુરલભિટ્ટ રોડ, ભુજ ખાતે.

**માંડવી** : લોહારવાઢા ઓસમાણ જુસબ (લધુભા) (કુરબઈવાળા) (ઉ.વ. ૭૪) તે અદ્રેમાન, જાકુબ જુસબના ભાઈ, મ. હાજી નૂરમામદ મુસા (મોમ્બાસા - વરાડિયા)ના સાળા, મ. હાજી હુશેન ઓસમાણ (નલિયા), હાજી અલીમામદ, મ. ફકીરમામદ (માંડવી)ના બનેવી, અબ્દુલરજાક હાજી હુશેન (નલિયા), ઈરફાન આમદ (ભુજ)ના સસરા, હાજી અલ્તાફ, હાજી સલીમ, આરીફ (મોમ્બાસા)ના મામા, અબ્દુલલતીફ ફકીરમામદના ફુવા, અબ્દુલશકુર, ઈમ્તિયાઝ, રહીમના મોટાબાપા, મ. હાસમ, અબુબકર, મ. મુસા અબુબકર (નાગલપર)ના ભાણેજ, અબ્દુલરજાક, ઈકબાલ, હનીફભાઈ (માંડવી શહેર લોહારવાઢા સમાજના પ્રમુખ)ના પિતા તા. ૨૭-૬ના અવસાન પામ્યા છે. વાયેઝ - જિયારત તા. ૩૦-૬ના રવિવારે સવારે ૧૦થી ૧૧, બહેનો માટે ૧૧થી ૧૨, વાયેઝ - જિયારત મેમણ જમાતખાના, મચ્છીપીઠ, માંડવી ખાતે.

**બાંભડાઈ (તા. માંડવી)** : સંગાર શબીરહુશેન મોહમદ (ઉ.વ. ૧૭) તે મ. હાજી ઓસમાણ મમુના પૌત્ર, આમદ, ઈસ્માઈલ, ઉમર (પૂર્વ સરપંચ બાંભડાઈ), સાલેમોહમદના ભત્રીજા, અલ્તાફહુસૈન, મોહમદહનીફ, સદામહુસેન, સુલતાનના ભાઈ, અબ્દુલ જખરાના ભાણેજ તા. ૨૭-૬ના અવસાન પામ્યા છે. વાયેઝ - જિયારત તા. ૩૦-૬ના રવિવારે સવારે ૧૦:૩૦થી ૧૧:૩૦ બાંભડાઈ જમાતખાનામાં.

**મસ્કા (તા. માંડવી)** : સુમરા શરીફાબાઈ (ઉ.વ. ૯૦) તે મ. હાજીજાકબ કાસમ જામોતરના પત્ની, સુમરા રમજુ, હસણ, મ. અન્દ્રેમાન, લતીફ, સુમરા નિયામતબાઈ મામદ, સુમરા રૂકિયાબાઈ અબ્દુલસતારના માતા તા. ૨૮-૬ના અવસાન પામ્યા છે. જિયારત તા. ૩૦-૬ના રવિવારે સવારે ૯થી ૧૦ નિવાસસ્થાને સુમરાવાસ વાડી વિસ્તાર, મસ્કા ખાતે.

**શેરડી (તા. માંડવી)** : જત અમીનાબાઈ લતીફ (ઉ.વ. ૪૪) તે લતીફ મામદના પત્ની, જાવેદ, મજીદ, સાજીદના માતા, મ. દાઉદ, અનવર, હાજીના ભાઈના પત્ની, રમઝુ, રઝાક, સતાર, આસીફના કાકી તા. ૨૮-૬ના અવસાન પામ્યા છે. વાયેઝ - જિયારત તા. ૩૦-૬ના રવિવારે ૧૦થી ૧૧ વાગ્યે જમાતખાના શેરડી ખાતે.

**નેત્રા (તા. નખત્રાણા)** : જાડેજા ભીખુભા લાખુભા (ઉ.વ. ૬૦) તે જાડેજા હનુભા ગોવિંદજીના ભત્રીજા, અનિરુદ્ધસિંહ, બહાદૂરસિંહ જાડેજા (સરપંચ, નેત્રા જૂથ ગ્રામ પંચાયત), સ્વ. જુવાનસિંહના મોટા ભાઈ, રાજેન્દ્રસિંહ, જયદીપસિંહના પિતા, સત્યદીપસિંહ, રાજદીપસિંહના મોટાબાપુ, રુદ્રરાજસિંહના દાદા તા. ૨૩-૬ના અવસાન પામ્યા છે. બેસણું નિવાસસ્થાન જી.ઇ.બી. કોલોની પાસે, નેત્રા ખાતે.

**મોટા યક્ષ (તા. નખત્રાણા)** : ભોવા વેલજીભાઈ લધાભાઈ (ઉ.વ. ૮૧) તે માનબાઈના પતિ, મૂળજીભાઈ, ભાવનાબેન, પચાણભાઈ, રતનભાઈ (અંજલિ ફૂટ)ના પિતા, સ્વ. વેશાભાઈ, સ્વ. મીઠુભાઈ, સ્વ. દેવજીભાઈ, કરશનભાઈ, કેશરભાઈના ભાઈ, સ્વ. ગાભુભાઈ મેઘરાજ, સામંતભાઈ મેઘરાજના કાકાઈ ભાઈ તા. ૨૪-૬ના અવસાન પામ્યા છે. બેસણું કોમ્યુનિટી હોલ, આંગણવાડીની બાજુમાં, મોટા યક્ષ ખાતે.

**ગઢશીશા (તા. માંડવી)** : પાનબાઈ ટોકરશી દેઢિયા (ઉ.વ. ૯૩) તે ઘેલા કેશવ ગાલા (શેરડી)ના પુત્રી, ટોકરશી વેરશીના પત્ની, વલ્લભજી, વસંત, અનિલ, સુશીલા, મંજુલા, ચંદ્રિકા, મણિબેન, રમીલાબેન, કસ્તૂરબેનના માતા, સૂર્યાબેન, મનીષા, ભારતી, શાંતિલાલ, મુક્તિલાલ, ભૂપેન્દ્ર, રામજી, વલ્લભજીના સાસુ, હાર્દિક, રાહુલ, વિરલ, સોનિયા, અંકિતા, હેલીના દાદી, મિત્તલ, હિમાની, રોહન, યશના દાદીસાસુ, જૈનીના મોટાદાદી, નવીન, દિલીપ, વિરલ, પ્રકાશ, મેહુલ, ભરત, શ્રેણિક, કોકિલા, ચેતના, ગીતા, કપિલાના નાની, દેવકાબેન મગન, મણિબેન વેલજી, જેઠીબેન જેઠાલાલના બહેન તા. ૨૧-૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થના રાખી નથી. નિવાસ : સૂર્યાબેન વલ્લભજી દેઢિયા, પાંચમી શેરી, નવાવાસ, ગઢશીશા. મો.નં. ૯૪૨૮૩ ૦૮૭૨૮, ૮૭૬૭૪ ૩૧૪૧૮

**કોસા (તા. અબડાસા)** : સોઢા કુલસુમબાઈ (ઉ.વ. ૪૦) તે અબ્દુલ હમીરના પત્ની, સોઢા રમજાનના માતા, સોઢા હમીર હુસેન, અબ્દુલા હુસેનના પુત્રવધૂ, સોઢા હસણ, સોઢા અભુ, સોઢા ઓસમાણના ભાભી તા. ૨૮-૬ના અવસાન પામ્યા છે. વાયેઝ - જિયારત તા. ૩૦-૬ના નાગોરછા પીરના કમ્પાઉન્ડ હોલમાં.

# મુંબઈની અવસાન નોંધ

કચ્છી ગુર્જર સુથાર કચ્છ ગામ રાયણ હાલ વિલેપાર્લે નિકુંજ પ્રવીણભાઈ ખીમજી વડગામાના ધર્મપત્ની કૃતિકાબેન (ઉં.વ.૩૪) તે ૨૬/૬/૨૪ના શ્રી રામચરણ પામેલ છે. તે કચ્છ વાગોરા હાલ મોડાસાના જશુભાઈ ભગવાનજી જોલાપરાના દીકરી, માન્યના માતુશ્રી. હર્ષલ, જય, ભવ્ય, નેન્સી, નિધિના ભાભી, વિશાલના બહેન. પ્રાર્થનાસભા રાખેલ નથી લૌકિક વ્યવહાર બંધ છે.

કચ્છી વિશા ઓશવાળ જૈન ૫ ત્રીના વર્ષા (વિમળા) પ્રફુલ ધરોડ (ઉં.વ. ૬૩) થાણા મધ્યે ૨૭-૦૬-૨૪ના અવસાન પામેલ છે. મોંગીબેન લાલજીના પુત્રવધૂ. સ્વ. પ્રફુલના ધર્મપત્ની. શ્રવેની, ધવલના માતુશ્રી. કસ્તુરબેન કરમશીના પુત્રી. જયવંતી, અંજુ, જ્યોતિ, પ્રવિણ, નીખીલના બેન. ચક્ષુદાન કરેલ છે. પ્રા. થાણા ક.વિ.ઓ.દેરાવાસી જૈન સંઘ જય મંગલ ભવન, રામ મારૂતિ ક્રોસ રોડ, નૌપાડા, થાણા (વે.) ટા. ૩ થી ૪.૩૦. ઠે. ધવલ ધરોડ, ૧૦૨, શુભાનંદ સો., ગાવડ પંથ, નૌપાડા, થાણા (વે.) ૬૦૨.

કાંડાગરાના કાંતિલાલ શામજી છેડા (ઉં.વ. ૮૧) તા. ૨૭-૬-૨૪ ના અવસાન પામ્યા છે. જખીબાઈ/દેવકાબેન શામજીના સુપુત્ર. અરૂણાબેનના પતિ. મનીષ, મધુ, બીંદુના પિતાશ્રી. લક્ષ્મીચંદ, હરીલાલ, સતીષ, ડેપા ધનવંતી દેવચંદ ભીમશી, બારોઈ મંજુલા ચેતન લાલજીના ભાઈ. ના. ભાડીયા કુંવરબાઈ દેવરાજ પુંજાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. અરૂણાબેન કાંતિલાલ છેડા, ૧૧૦૧, શિવસિધ્ધી, સયાની રોડ, પ્રભાદેવી, મું-૨૫.

નાના આસંબીયા હાલે પુનાના રમેશ કાનજી છેડા (ઉં.વ. ૭૦) તા. ૨૭-૬-૨૪ના અવસાન પામેલ છે. હીરબાઈ કાનજીના પુત્ર. ચંપાના પતિ. ચુનીલાલ, નેમચંદ, મણીલાલ, સુરેશ, નીતીન, તલવાણા લક્ષ્મીબેન ખેતશીના ભાઈ. મેઘપર રંભાબેન ધનજી રાઠોડના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. સદ્‌ગતની આત્મા માટે બાર નવકાર ગણવા. ઠે. ચંપા રમેશ છેડા, ૨૬૧, કસબા પેઠ, માણેક ચોક, પુના-૪૧૧૦૦૨.

# દુઈ જૈનસંઘના આંગણે જૈનભવનના નિર્માણનું ભૂમિપૂજન કરાશે

ભચાઉ : દુધઈ જૈન સંઘના આંગણે શ્રાવિકા આરાધના ભવન અને જૈન ભવનના નિર્માણના પ્રથમચરણનું ભૂમપૂજનનો કાર્યક્રમ યોજાશે. જેમાં જૈન સમાજના સંતો-મહંતો ઉપસ્થિત રહેશે.


તા.૧ જુલાઈ સોમવારના રોજ ભૂમિપૂજન પ્રસંગે કચ્છ, બૃહદ કચ્છથી ભક્તો પધારશે. આ વેળાએ દિવ્ય આશિષ વિજયકનક દેવેન્દ્રકલાપૂર્ણ કલાપ્રભસૂરિશ્વરજી મ.સા. આવશે. સુભાશિષ આધ્યાત્મકિ, ગચ્છાધિપતિ પ.પૂ. વિજયકલ્પતરૂ સૂરિશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન પ્રવર મુનિ. તીર્થ તિલકવિજયજી મ.સા. દુધઈ રત્ન તીર્થગોયમ વિજયજી મ.સા. આદિઠાણા પ.પૂ. સા. વિશ્વદર્શનશ્રીજી મ.સા.ના શિષ્યા-વિરાસગરશ્રીજી મ.સા. આ આદિઠાણા ઉપસ્થિત રહેશે. સવારના પ્રભાતિયા, ભક્તામર પૂજન, સ્નાત્ર, અષ્ટકારી પૂજા, પ્રક્ષાલ, લઘુ અષ્ટમંગલ, નવગ્રહ, દશદિક્‌પાલ પૂજન, ક્ષેત્રપાલ પૂજન, ભૂમિપૂજન, માંગલિક પ્રવચન અને નવકારશી જેવા કાર્યક્રમો યોજાશે તેવું દુધઈ જૈન સંઘની અખબારી યાદીમાં જણાવ્યું છે.

# લાગોસ ખાતે હરમિત અને માનવે WTTમેન્સ ડબલ્સ ટાઇટલ જીત્યું

ગાંધીધામ : નાઈજીરિયાના લાગોસ ખાતે યોજાયેલી ડબ્લ્યુ કન્ટેન્ડર ટેબલ ટેનિસ ટુર્નામેન્ટમાં હરમિત દેસાઈ અને માનવ ઠક્કરની ભારતીય જોડીએ સાતમા ક્રમની નાઈજીરિયન જોડી અઝીઝ સોલાક્રે અને ઓલાજિડે ઓમોટોયાને ૩-૦થી હરાવીને મેન્સ ડબલ્સ ટાઇટલ જીતી લીધું હતું.



બીજા ક્રમની આ સુરતી જોડીએ અગાઉ સેમિફાઇનલમાં ૧૫ ક્રમની ચીની જોડી યુડે કાંગ અને જિયાનકુન નિંગને ૩-૦ (૧૧-૪, ૧૧-૯, ૧૧-૫) થી હરાવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો.ભારતના આ બે ગુજરાતી ખેલાડીઓએ સમગ્ર ટુર્નામેન્ટમાં એટલું વર્ચસ્વ જમાવી દીધું હતું કે તેઓ એક પણ ગેમ હાર્યા ન હતા.રાઉન્ડ ઓફ ૧૬માં હરમિત અને માનવે નાઈજીરિયાના રિલવાન અકનાબી અને એ અબ્દુલ્લાહીની જોડીને ૩-૦થી અને ક્વાર્ટર ફાઇનલમાં અન્ય એક નાઈજીરિયન જોડી મેથ્યુ ફાબુનમી અને અબ્દુલબાસીત અબ્દુલફતાતીને એ જ અંતરથી હરાવ્યા હતા.મેન્સ ડબલ્સ ટાઇટલમાં હરમિતે બીજી વાર ડબ્લ્યુ કન્ટેન્ડર ટાઇટલ જીત્યું હતું જ્યારે માનવ માટે આ પ્રથમ ડબ્લ્યુ મેન્સ ડબલ્સ ટાઇટલ હતું.''ઓલિમ્પિક્સ અગાઉ આ સફળતાથી અમારા આત્મવિશ્વાસમાં વધારો થશે. મેન્સ ઈવેન્ટમાં ડબલ્સની મેચ મહત્વપૂર્ણ બની રહેવાની છે. ચોક્કસપણે અમે અમારું આ ફોર્મ જાળવી રાખવા માગીશું.'' તેમ ૩૦ વર્ષીય હરમિતે જણાવ્યું હતું. જે રીતે આ જોડીએ ત્વરિત રમત દાખવી તેનાથી માનવ ઠક્કર ખુશ જણાતો હતો. ૨૪ વર્ષીય માનવે જણાવ્યું હતું કે ''હું અને હરમિત એક વર્ષ બાદ ડબલ્સમાં રમી રહ્યા હતા પરંતુ અમે એક જ રાજ્યમાંથી રમી રહ્યા છીએ તેનાથી અમારી વચ્ચે સારી સમજૂતિ છે. તેમાંય ટુર્નામેન્ટમાં એક પણ ગેમ ગુમાવ્યા વિના ટાઇટલ જીતવું તે વધારાની સિદ્ધિ છે.''ગુજરાત સ્ટેટ ટેબલ ટેનિસ એસોસિયેશનના પ્રમુખ શ્રી પ્રમોદ ચૌધરીએ હરમિત અને માનવની સિદ્ધિ અંગે આનંદ વ્યક્ત કર્યો હતો અને જણાવ્યું હતું કે ''આ બે સુરતી ખેલાડીઓ દરરોજ અને દરેક મેચ બાદ વધુને વધુ બહેતર બનતા જાય છે. મને ખાતરી છે કે ભવિષ્યમાં તેઓ વધુ ઉંચાઈએ પહોંચશે.''



દીનદયાલ પાર્ટ ઓથોરીટીને પ્રતિષ્ઠીત ઈન્ડીયા મેરીટાઈમ એવોર્ડ મળવા પામ્યો છે. શ્રૈષ્ઠ મલ્ટીપર્પઝ પોર્ટ ઓફ ધી યરનો આ એવોર્ડ ડીપીએ વતીથી શ્રિ રત્નાશેખર રાવએ સ્વીકાર્યો હતો.

# રત્નકણિકા

**હરિ વ્યાપક સર્વત્ર સમાના, પ્રેમ તે પ્રગટ હોહિ મૈ જાના.- ગોસ્વામી તુલસીદાસજી**

# પંચાગ

**કનકચંદ્ર સી. વ્યાસ**

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા. બહમન-૧૩૯૩, મુ. જીલ્હજ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, જેઠ વદ-૮ પંચક તા.૨૯ જૂન ૨૦૨૪, શનિવાર, પારસી તા.૧૯, મુસ્લિમ તા.૨૨, ઉત્તરાભાદ્રપ્રદા નક્ષત્ર, શોભન યોગ, તૈતિલ કરણ, સૂ.ઉ.૬:૦૮, સૂ.અ.૭:૪૦

આજનો દિવસ બપોરે ૨:૧૯ ક. સુધી શુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી મીન (દ ચ ઝ થ) છે.

# આપની આવતી કાલ કેવી જશે...?

**કનકચંદ્ર સી. વ્યાસ**

**મેષ** – પ્રવાસ-પર્યટન થાય. આર્થિક સમસ્યાનો ઉકેલ મળે.

**વૃષભ** – મહત્વના કાર્યો અટકી પડે. ગૃહસ્થ જીવનમાં ચકમક ઝરે.

**મિથુન** – ખર્ચમાં વધારો થાય. આર્થિક સમતુલા ખોરવાઈ જાય.

**કર્ક** – અગત્યના કાર્યોમાં રૂકાવટ આવે. મનની મુરાદ બર ન આવે.

**સિંહ** – સ્નેહિથી મતભેદ સર્જાય. કૌટુંબિક મહત્વના પ્રશ્નોનો ઉકેલ મળે.

**કન્યા** – પડવા-વાગવાથી સંભાળવું. નવિન તક મળે.

**તુલા** – પુરૂષાર્થ વધારવાથી કાર્ય સફળતા મળે. અકારણ ચિંતા રહે.

**વૃશ્ચિક** – વાણી સંયમ જાળવવો હિતાવહ. વ્યર્થ ક્રોધના ભોગ બનવું પડે.

**ધન** – પારિવારીક જીવનમાં આનંદ રહે. મનની મુરાદ પૂરી થાય.

**મકર** – સ્વજનથી મિલન-મુલાકાત થાય. કૌટુંબિક કાર્યમાં સફળતા મળે.

**કુંભ** – આવક કરતા જાવક વિશેષ રહે. મનમાં મુંઝવણ અનુભવાય.

**મીન** – આર્થિક સમસ્યા હળવી બને. નોકરી-ધંધામાં સફળતા મળે.

# નાડાપા સીમમાં રાનીપશુ મોતકાંડ : તપાસ કેમ ઠંડા બક્ષામાં ? સરકારી જમીન પર ખનીજ ખડકાયુ? તો રેવેન્યુતંત્ર કેમ મૌન?

**વીજતંત્રની ભારે લાઈનને અડી જતા રાની પશુનું મોત થયુ હતુ, ઉંચા ઉંચા ખનીજ વેસ્ટના કચરાના ઢગલામાં વીજતંત્રનો હેવી લાઈનન વાયર ઢંકાઈ ગયો હોવાની સામે આવી હતી સ્થિતી : વીજતંત્ર, વનવિભાગ, ખાણખનિજ વિભાગ સહિતનાઓની સામે સવાલો ઉભા થયા હતા, પરંતુ જે ખનીજના વેસ્ટનો ખકડલો જે જમીન પર કરાયેલો હતો તે કઈ છે?**

**સરકારી જમીન હોય તો રેવેન્યુ વિભાગની જ બને છે પ્રાથમિક જવાબદારી : સ્થાનિક મહેસુલ તલાટીએ આ કેસમાં શું કરી કાર્યવાહી? ટીડીઓશ્રીએ સમગ્ર કેસમાં આડેધડ સરકારી જમીનો પર ખનીજનો વેસ્ટ ખકડી દેનારાઓની સામે શું કરી અત્યાર સુધી લાલઆંખ? : જો આવી કોઈ જ કાર્યવાહી નથી કરાઈ તો ડીડીઓશ્રી કેમ આ બધાયનો ઉધડો હજુ સુધી નથી લેતા?**

ગાંધીધામ : રણ-દરીયો અને ડુંગરની સુંદરતા ધરાવતા કચ્છ જિલ્લાના પેટાળમાં અનેકવિધ ખનીજોનો મોટો ખજાનો ધરબાયેલો છે અને આ ખનીજમાથી સરકારને જેટલા પ્રમાણમા રોયલ્ટીની આવક થવી જોઈએ તેનાથી અનેકગણી તો રોયલ્ટી ચોરી થવા પામી રહી છે અને આવુ કચ્છવ્યાપી સતત થતુ હોવાની ઘટનાઓ પણ રેકર્ડ પર આવવા પામી જ રહી છે. ગેરકાયદેસર ખનીજ ઉત્ખનન કરનારાઓ એટલા બધા ફાટીને ફુલેકે ગયા છે કે તેઓ સરકારી નીતી-રીતીઓ કે અધિકારીઓને ગાંઠતા જ ન હોય તેમ પણ ઘટનાઓ સામે આવવા પામી ચુકી છે.

દરમ્યાન જ જિલ્લા વડામથુક ભુજ સમીપે નાડાપા સીમાડામાં તાજેતરમં જ એક દુલર્ભ એવા રાની પશુ(દીપડા)નું આવા જ ખનીજ ખનન કરનારાઓ દ્વારા તેની પ્રોસેસ બાદના વેસ્ટને આડેધડ ખડકલો કરવો કે ફેંકી દેવાના પગલે અહી દટાઈ ગયેલા હેવી વીજતારના સંપર્કમાં તે આવી જતા તેનુ મોત નિપજી જવા પામ્યુ હતુ અને તે બાદ ઘોડા છુટયા પછી તબેલાને તાણા મારવાની દીશામાં વિવિધ તંત્ર હરકતમાં આવ્યુ હતુ. જેમાં વનવિભાગ, વીજતંત્ર, ખનીજિવિભાગ સહિતનાઓ દ્વાર લીંપાપોત્તી ભરી કામગીરી શરૂ કરવામાં હતી. વનવિભાગની પ્રાથમિક જવાબદારી બની રહી છે એટલે તેઓએ ખનીજ વિભાગ તથા વીજતંત્ર સાથે સંકલન સાધી અને આગળની તપાસ હાથ ધરી છે. તેવામાં જાણકારો કહી રહ્યા છે કે, ખરેખર અહી પ્રશ્ન છે કે, ખનીજ જે ખનન કરાયુ છે અને તેમાથી જે વેસ્ટ નીકળતો હતો તેનો કચરો અહી ખડકાયો હતો, વેસ્ટ છે તેના લીધે વીજતાર તેમાં ઢંકાઈ જવા પામ્યો છે, ત્યારે જમીન જો સરકારી હોય તો પછી આ બાબતે રેવેન્યુ વિભાગે પ્રાથમિક ધોરણે આગળ આવવુ જોઈએ.

ખરેખર તો સ્થાનીક રેવેન્યુ તલાટી મારફતે અહેવાલ મંગાવો જોઈએ કે, જમીન કોની છે? ખાનગી માલીકીની જમીનમાં ઘટના બની છે કે સરકારી જમીન છે? સરકારી જમીન હોવાનુ નકકી થાય છે તો પછી તેમાં ખનીજનો ખડકલો આડેધડ કરી કોણ ગયુ? રેવેન્યુ વિભાગે આ અંગે વેળાસર જ આગળ આવી અને વિવીધ સલગ્ન વિભાગો જેવા કે, સ્થાનીક રેવેન્યુ તલાટી, સર્કલ ઓફીસર, મામલતદાર, ટીડીઓશ્રી સહિતનાઓથી સ્થળ તપાસ બાદના અભિપ્રાયો મંગાવવા જોઈએ અને આવી ઘટનાઓમાં લાપરવાહી દાખવનારાઓની સામે કડક હાથે કાર્યવાહી થાય તે માટેની તાકીદ તથા ભવિષ્યમાં આવી કોઈ જ ઘટના ન બને અને હાલમાં અહી જે રીતે રાની પશુનુ અકસ્માત મોત થયુ છે તેમ ભવિષ્યમાં જાણતા અજાણતા કોઈ વ્યકિતનું અકસ્માતે મોત ન થાય તે જોવાની તકેદારી રાખવી જરૂરી બની રહ્યું છે.

ખનીજ વિભાગ દ્વારા તો ખનીજનું ખનન કરી અને સ્ટોકયાર્ડની મંજુરી આપવામાં આવતી હોય છે. આગળની બધી જ મંજુરીઓ ઉદ્યોગ વિભાગે આપવાની થતી હોય છે. ઉપરાંત પણ પશ્ચીમ કચ્છ ખનીજ વિભાગ દ્વારા આ કેસમાં સ્થળ તપાસ કરાઈ છે, લાગતા વળતાના નિવેદનો પણ લેવાયા છે, જે ખનીજ વેસ્ટ ખડકાયું છે તે સ્થાનિકનાઓ છે, આસપાસના કોઈ ગામના છે કે કેમ? તે સહિતની માહીતીઓ એકત્રીત કરવાની કાર્યવાહી તો ચાલી જ રહી છે પરંતુ તેની સાથે જ જિલ્લા ઉદ્યોગ વિભાગ તથા રેવેન્યુ વિભાગે પણ આ પ્રકરણમાં ઝંપલાવવુ જોઈએ તે જરૂરી બની રહ્યું છે.

# કચ્છમાં ગત જૂનની સરખામણીએ આ વર્ષે ૬૩ ટકા ઓછો વરસાદ

**બિપોરજોય ચક્રવાતની અસર તળે ગત વર્ષે જૂન મહિનામાં જિલ્લામાં થયો હતો ૭૬ ટકા વરસાદ : આ વર્ષે માત્ર ૧૩ ટકા વરસાદ : આદ્રા નક્ષત્રના પ્રારંભથી જ જિલ્લામાં છવાયો છે મેઘાડંબર : મેઘરાજા મનમૂકીને વરસે તે માટે ધરતીપુત્રો કરી રહ્યા છે વિનવણી**

ભુજ : કચ્છ જિલ્લામાં આ વર્ષે જૂન મહિનામાં ગત વર્ષની સરખામણીએ ૬૩ ટકા ઓછો વરસાદ થયો છે. ગત વર્ષે બિપોરજોય ચક્રવાતની અસર હેઠળ કચ્છ જિલ્લામાં જૂન મહિનામાં જ ૭૬ ટકા વરસાદ થયો હતો. આ વર્ષે જૂન માસના અંત સુધી માત્ર ૧૩ ટકા વરસાદ થયો છે.

આ અંગેની વિગતો મુજબ આ વર્ષે ચોમાસાની સિઝનની શરૂઆતમાં કચ્છ સહિત રાજ્યમાં વરસાદની ઘટ જોવા મળી રહી છે. છેલ્લા ૧૦ વર્ષની સરખામણીએ વર્ષ ૨૦૧૬ બાદ આ વર્ષે ફરી એકવખત જૂન મહિનામાં મેઘરાજા મન મૂકીને વરસ્યા નથી. રાજ્યમાં આ વર્ષે જૂન મહિનામાં ૬.૮૫ ટકા વરસાદ નોંધાયો છે. જોકે, રાજ્યની સરખામણીએ દેવભૂમિ દ્વારકા અને કચ્છ જિલ્લામાં સારો વરસાદ નોંધાયો છે. ગત વર્ષના આંકડાઓ પ્રમાણે જૂન-૨૦૨૩ ના બિપોરજોય ચક્રવાતની અસર તળે કચ્છમાં ૭૬ ટકા વરસાદ થયો હતો. જેની સરખામણીએ આ વર્ષે માત્ર ૧૩ ટકા જ વરસાદ થયો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ વર્ષે કચ્છ જિલ્લામાં ઉનાળાની સિઝનમાં કાળઝાળ ગરમી પડી છે. જૂન મહિનાના પ્રારંભ સમયે હીટવેવ સાથે પ્રખર ગરમીથી લોકોની કસોટી થઈ હતી. સામાન્ય રીતે જૂન માસના અંતિમ સપ્તાહથી કચ્છ જિલ્લામાં વરસાદની શરૂઆત થતી હોય છે. આ વર્ષે જૂન મહિનાના અંતિમ દિવસોમાં હવામાં ભેજના ઉંચા પ્રમાણથી બફારાયુક્ત ગરમીથી કચ્છીજનો પરસેવે રેબઝેબ થયા હતા. કચ્છમાં આદ્રા નક્ષત્રના પ્રારંભે જ વરસાદી માહોલ બંધાયો છે પરંતુ મેઘરાજા મન મુકીને વરસ્યા નથી. કચ્છીજનો મેઘરાજા અનરાધાર વર્ષે તે માટે વિનવણી કરી રહ્યા છે.

# કચ્છમાં સોલાર પેનલના ૪૧૬ ગ્રાહકો વીજ મીટરની જોઈ રહ્યા છે રાહ

**ગત બે માસથી ગર્વમેન્ટ પોર્ટલ ઠપ્પ થતા ગ્રાહક એપ્લિકેશનની એન્ટ્રીનું કામ પડ્યું ઘોંચમાં : પોર્ટલમાં ઉદ્‌ભવતી ક્ષતિઓના નિરાકરણ માટે તંત્રની કવાયત**

ભુજ : વીજ ગ્રાહકોના બીલ શૂન્ય થાય અને સોલાર પેનલ મારફતે ગ્રાહક જાતે જ વીજ ઉત્પાદક બને તે માટે જોરજોરથી શરૂ કરાયેલા સરકારના અભિયાનને ઝટકો લાગ્યો છે. સોલાર પેનલ ઈન્સ્ટોલ કરાવનાર ગ્રાહકોને વીજ મીટરની ફાળવણી સુનિશ્ચિત કરતું સેન્ટ્રલ ગર્વમેન્ટનું પોર્ટલ છેલ્લા બે મહિનાથી ખોટકાયું હોવાથી કચ્છમાં સોલાર પેનલ ઈન્સ્ટોલ કરાવના ગ્રાહકોને વીજ મીટર ફાળવવામાં ન આવ્યા હોવાની બૂમ ઉઠી છે.



આ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર સરકારના સોલાર પેનલ અભિયાનને સફળ બનાવવા જોરશોરથી પ્રચાર-પ્રસાર કરવામાં આવી રહ્યો છે. સરકારમાન્ય સોલાર પેનલોને વધુને વધુ ગ્રાહકો ઈન્સ્ટોલ કરાવે તે દિશામાં ભરચક પ્રયાસો ચાલી રહ્યા છે. કચ્છ જિલ્લામાં અનેક ડિસ્ટ્રીબ્યુટર સોલાર પેનલની ફિટીંગની કામગીરી સાથે સંકળાયેલા છે. કચ્છ જિલ્લામાં અનેક લોકોએ પોતાના રહેણાકંના મકાનોમાં સોલાર પેનલ ઈન્સ્ટોલ કરાવી છે પરંતુ પશ્ચિમ કચ્છમાં ૪૧૬ સોલાર પેનલ લગાડનાર ગ્રાહકો પોતાને વીજ મીટર ફાળવવામાં આવે તેની રાહ જોઈ રહ્યા છે.

સોલાર પેનલ ફીટ થયા બાદ વીજ મીટર ન લાગતા સોલાર પેનલ લગાડનાર વિક્રેતા અને ગ્રાહકો વચ્ચે ઘર્ષણ થઈ રહ્યા છે. ભુજની વીજ ડિવિઝનની કચેરીએ સોલાર પેનલના ગ્રાહકો દ્વારા વીજ મીટરની ઈન્કવાયરી વધી છે. ભુજની પીજીવીસીએલ કચેરીના અધિકારીના જણાવ્યા અનુસાર પશ્ચિમ કચ્છમાં ૪૦૦થી વધુ સોલાર પેનલ લગાડનાર ગ્રાહકોની વીજ મીટર માટેની અરજી પેન્ડિંગ છે.

છેલ્લા બે મહિનાથી સોલાર પેનલના ગ્રાહકોને વીજ મીટરની નોંધણીના પોર્ટલમાં એરર આવી રહી છે. ચૂંટણીની આચારસંહિતાના કારણે આ મામલો અટકી પડ્યો હતો. પણ હવે ટુંક સમયમાં આ અંગે મળનારી બેઠકમાં ફાઈનલ નિર્ણય લેવાયા બાદ પોર્ટલ ફરી શરૂ થશે તેવી સંભાવના છે. છેલ્લા બે માસથી પોર્ટલમાં ક્ષતિના કારણે સોલાર પેનલ લગાવનાર ગ્રાહકોને વીજ મીટર ફાળવવા માટેની દૈનિક એપ્લિકેશનની એન્ટ્રી ઘોંચમાં મૂકાઈ હતી. કેટલીક વખત એન્ટ્રી સબમીટ થયા બાદ ફાઈનલ રિપોર્ટમાં એન્ટ્રી દર્શાવાતી ન હતી. રાજ્યમાં કેટલાક કિસ્સાઓમાં જે-તે વિસ્તારના ગ્રાહકની એન્ટ્રી અન્ય રાજ્યમાં બતાવતી હોવાનું પણ જોવા મળ્યું હતું. રોજેરોજની પ્રાયોરિટી પણ જળવાતી ન હતી. કચ્છ સહિત રાજ્યભરમાં આ સમસ્યાના કારણે પોર્ટલને હોલ્ટ પર મૂકવામાં આવ્યું છે. પોર્ટલમાં ઉદ્‌ભવતી ક્ષતિઓના નિરાકરણ સાથે જિલ્લા વાઈઝ રોજેરોજ એન્ટ્રી સહિતના નવા આયામ ઈનપુટ સાથે આગામી સમયમાં પોર્ટલ પુનઃ કાર્યરત થશે તેવી સંભાવના સૂત્રો વ્યક્ત કરી રહ્યા છે.






## ૧૮મી લોકસભાનું ગઠન થયું પણ...

# કચ્છની ૧૫૫ 'ગ્રામ્ય સંસદ'ને ક્યારે મળશે 'સુકાની' ?

**ઓબીસી અનામત મુદ્દે કચ્છ સહિત રાજ્યની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી પડી છે ઘોંચમાં : છેલ્લા બે વર્ષથી કચ્છ જિલ્લાની ચોથા ભાગની ગ્રામ પંચાયતોમાં ચાલી રહ્યું છે વહિવટદારનું શાસન**

**ગ્રામ પંચાયતમાં ચૂંટાયેલી બોડીના અભાવે પંચાયતી રાજની પરિકલ્પનાઓનો ઉડી રહ્યો છે છેદ : ગામના વિકાસને થઈ રહી છે માઠી અસર : અમુક વહિવટદારો પાસે એકથી વધુ ગામની જવાબદારી હોવાથી હાલાકી : ગ્રામજનોના દાખલા મેળવવા સહિતના કામો અટવાયા**

ભુજ : ગ્રામ પંચાયત એ ગ્રામ્ય સ્તરે આવેલ વહિવટી સંસ્થા છે, જે ભારતની પંચાયતી રાજ પદ્ધતિનું ગ્રામ્ય કક્ષાનું સ્તર છે. ગ્રામ પંચાયતોમાં તલાટી કમ મંત્રી સરકારના સીધા પ્રતિનિધિ તરીકે અને સરપંચ તથા સભ્યો ચૂંટાયેલા જનપ્રતિનિધિ તરીકે શાસન ચલાવે છે. ગ્રામ્ય કક્ષાએ લગતા વિકાસ કામો કરવાની સત્તા ગ્રામ પંચાયતને અપાઈ છે, પરંતુ કચ્છ જિલ્લામાં ૧૫૫ ગ્રામ પંચાયતોમાં વિકાસ કામોને ગ્રહણ લાગ્યું છે. લાંબા સમયથી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી ન થતાં જિલ્લાની ૧૫૫ ગ્રામ પંચાયતમાં હાલે વહિવટદારનું શાસન ચાલી રહ્યું છે.

આ અંગેની પ્રાપ્ત વિગતો મુજબ વર્ષ ૧૯૫૯માં સમગ્ર ભારતમાં પંચાયતી રાજ વ્યવસ્થા અમલી બની હતી. પંચાયતી રાજના ત્રિસ્તરીય માળખામાં ગ્રામ પંચાયતને ખાસ મહત્ત્વ અપાયું છે. ગ્રામ પંચાયતનો સમગ્ર પંચાયતી રાજના પાયાના એકમ તરીકે સ્વીકાર થયો હતો. ગામના વિકાસ માટે ગ્રામ પંચાયતને અનેક સત્તાઓ મળી છે, પરંતુ રાજ્યમાં ઓબીસી અનામતના મુદ્દે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી લાંબા સમયથી થઈ નથી. છેલ્લા બે વર્ષથી કચ્છ સહિત રાજ્યની ૭ હજાર ગ્રામ પંચાયતમાં વહિવટદાર તરીકે તલાટીઓ ભૂમિકા ભજવી રહ્યા છે. ગામનું સંચાલન તલાટીઓ માથે આવી પડ્યું છે. ચૂંટણી નહીં યોજાવાના કારણે ગામડાનો વિકાસ રૂંધાઈ રહ્યો છે. રસ્તા, પાણી, આરોગ્ય, સફાઈ તેમજ દાખલા જેવી અનેક સમસ્યા ઉભી થઈ છે. આ ઉપરાંત કચ્છમાં તલાટીઓ પાસે એકથી વધુ ગામના ચાર્જ હોવાથી કામનું ભારણ વધારે હોય છે, જેના કારણે કેટલાક તલાટીઓ એક ગામમાં રહીને સમસ્યાઓનો ન્યાય આપી શકતા નથી. આવા સંજોગોમાં વહિવટદાર રાજ ખતમ થાય અને વહેલાસર ચૂંટણી યોજાય તેવી માંગ ગ્રામજનો કરી રહ્યા છે.

છેલ્લા બે વર્ષથી ટલ્લે ચડેલી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી આગામી નવરાત્રિ દરમ્યાન યોજાય તેવા સંકેત સાંપડી રહ્યા છે. કચ્છની ૧૫૫ ગ્રામ પંચાયતો, બે નગરપાલિકા સહિત રાજ્યની ૭૫ નગરપાલિકા, ૧૭ તાલુકા પંચાયત, બે જિલ્લા પંચાયત ઉપરાંત ૭હજાર જેટલી ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાય તેવી સંભાવના છે. ગત ઓગસ્ટ મહિનામાં નિવૃત્ત ન્યાયમૂર્તિ કે.એસ. ઝવેરી પંચના રિપોર્ટ બાદ ઓબીસી અનામત ૨૭ ટકા કરવાની જાહેરાત રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી હતી. ઝવેરી કમિશનના રિપોર્ટ અનુસાર ગ્રામીણ વિસ્તારે ૫૨ ટકા અને શહેરી વિસ્તારમાં ૪૬.૪૩ ઓબીસી સમાજની વસ્તી છે, જેને અનુલક્ષીને ઓબીસી સમાજ માટે અનામત બેઠકોમાં વધારો થશે. રાજ્યની જિલ્લા પંચાયતોમાં ઓબીસી બેઠક ૧૦૫થી વધીને ૨૨૯, ૨૮૮ તાલુકા પંચાયતોમાં ૫૦૬થી વધીને ૧૦૮૫ અને રાજ્યની ૧૪,૫૬૨ ગ્રામ પંચાયતોમાં ૧૨,૭૫૦થી વધીને ૨૫,૩૪૭ બેઠકો થશે.

### વહિવટદાર નિમણૂંક કરેલ ગ્રામ પંચાયતોની સંખ્યા

| તાલુકો | ગામની સંખ્યા |
|---|---|
| ભુજ | ૩૧ |
| માંડવી | ૧૫ |
| મુંદરા | ૨૬ |
| નખત્રાણા | ૧૦ |
| અબડાસા | ૦૬ |
| લખપત | ૦૬ |
| અંજાર | ૨૩ |
| ગાંધીધામ | ૦૦ |
| ભચાઉ | ૦૯ |
| રાપર | ૨૯ |
| કુલ્લ | ૧૫૫ |

### આગામી નવરાત્રિ દરમ્યાન ચૂંટણીના સંકેત

ભુજ : ઓબીસી અનામતના મુદ્દે ઘોંચમાં મૂકાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ અંગેનું ગ્રહણ આગામી નવરાત્રિ દરમ્યાન હટે તેવા સંકેત મળી રહ્યા છે. ઓબીસી અનામત માટે ન્યાયમૂર્તિ ઝવેરીના અધ્યક્ષ સ્થાને રચાયેલી સમિતિના રિપોર્ટ બાદ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ઓબીસી અનામત ૨૭ ટકા કરવાની જાહેરાત સરકારે કરી છે. નવરાત્રિના સમયગાળા દરમ્યાન સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ યોજાય તે દિશામાં તૈયારીઓ ચાલી રહી છે.

### કચ્છની ચોથા ભાગની ગ્રામ પંચાયતોમાં વહિવટદારનું શાસન

ભુજ : કચ્છ જિલ્લામાં કુલ્લ ૬૩૨ ગ્રામ પંચાયત આવેલી છે. ૬૩૨ પૈકી ૧૫૫ ગ્રામ પંચાયતોમાં લાંબા સમયથી વહિવટદારનું શાસન ચાલી રહ્યું છે. ગ્રામ પંચાયતમાં ચૂંટાયેલી બોડીનું શાસન ન હોવાથી ગામના વિકાસમાં બ્રેક લાગી છે. કેટલીક ગ્રામ પ્યાયતમાં વહિટદાર તરીકે જવાબદારી સંભાળતા તલાટી કમ મંત્રી પાસે એકથી વધુ ગામની જવાબદારી હોવાથી ગ્રામજનોને દાખલા મેળવવા જેવી કામગીરી માટે પણ હાલાકી ભોગવવી પડે છે.

# હત્યાનો કેસ ચાલતો હોઈ મેઘપર કુંભારડીમાં યુવકે આત્મહત્યા કરી લીધી

**આમરડીમાં કરંટ લાગતા યુવકનું મોત : સુંદરપુરીમાં ગર્ભવતી મહિલાએ ફાંસો ખાધો : એવી જોશી પુલીયા પાસે પગપાળા જતા આધેડને અજાણ્યા વાહને ટક્કર મારતા મૃત્યુ**

ગાંધીધામ : પૂર્વ કચ્છમાં અકસ્માત અપમૃત્યુના અલગ અલગ ચાર બનાવ સામે આવ્યા છે. જેમાં હત્યાનો કેસ ચાલતો હોઈ અંજાર તાલુકાના મેઘપર કુંભારડીમાં યુવકે આત્મહત્યા કરી હતી. ભચાઉના આમરડીમાં કરંટ લાગતા યુવકનું મોત થયું હતું. જયારે ગાંધીધામના સુંદરપુરીમાં મહિલાએ ફાંસો ખાધો હતો. આ તરફ એવી જોશી પુલીયા પાસે પગપાળા જતા આધેડને અજાણ્યા વાહને ટક્કર મારતા મૃત્યુ નિપજયું હતું.

અંજાર પોલીસ સ્ટેશનમાંથી મળેલી માહિતી મુજબ મેઘપર કુંભારડીના મહેંદીનગરમાં રહેતા ૨૨ વર્ષિય યાકુબ ઉમર કેવર નામના યુવાને પોતાના ઘરે દુપટાથી આપઘાત કરી લીધો હતો. હતભાગી પર મર્ડરનો કેસ ચાલતો હોઈ મનમાં લાગી આવતા આપઘાત કરી લીધો હોવાનું અંજાર પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. જયારે ગાંધીધામના નવી સુંદરપુરીમાં ગણેશ મંદિર પાસે રહેતા ૨૨ વર્ષિય શીતલબેન કમલેશ મહેશ્વરીએ પોતાના ઘરે પંખામાં ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. મરણજનારને ૮ મહિનાનો ગર્ભ હતો. આ બનાવને પગલે અરેરાટી ફેલાઈ જવા પામી હતી. જયારે ભચાઉ તાલુકાના આમરડી ગામે ૨૫ વષીય કાનજીભાઈ જેસાભાઈ રબારી પોતાના ઘરે મોટરથી પાણી છાંટતા હતા એ દરમ્યાન મોટરના વાયરને હાથ અડી જતા કરંટ લાગતા પ્રથમ સારવાર માટે વાગડ વેલ્ફેર હોસ્પિટલ લઈ જવાયા હતા. જયાં તેઓનું મોત થતા ભચાઉ પોલીસે એડી દાખલ કરી છે. જયારે ગાંધીધામમાં એવી જોશી પુલીયાથી મચ્છુનગર પુલ વચ્ચેના રોડ પર એસઆરજી પ્લાયવુડની ઓફિસના ગેટની સામે અકસ્માત થયો હતો. ફરિયાદી મુળ બિહારના હાલ સુરત રહેતા સૌરભકુમાર શ્રીસપનસિંઘ રાજપુતના જણાવ્યા પ્રમાણે કોઈ અજાણ્યા વાહન ચાલકે પોતાનું વાહન બેદરકારીથી ચલાવી ફરિયાદીના પિતા સપનસિંઘ બીગાસિંઘ રાજપુત પગપાળા જતા હતા જેઓને ટક્કર મારતા ગંભીર ઈજાઓ થઈ હતી. અકસ્માત સર્જીને અજાણ્યો વાહન ચાલક ભાગી ગયો હતો. જે અંગે ગાંધીધામ બી ડિવિઝન પોલીસમાં ફરિયાદ દાખલ કરવામાં આવી છે.